વડોદરાથી દર શુક્રવારે પ્રસિધ્ધ થતુ નિડર અને નિષ્પક્ષ અખબાર @dailypulsenews24 ન્યાય ક્ષેત્ર વડોદરા રહેશ.

# દૈનિક પલ્સ

દૈનિક પલ્સ સાથે આગળ રહો....

માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : રાવલ પ્રકાશ જગદીશ મો. ૯૯૦૯૯ ૧૧૧૭૫ R.N.I. NO : GJGUJ/25/A1447

Year : 1 • Issue : 16 • Date :- 17-10-2025 - Friday • Price Rs. 2 • Place Of Publication :- 703, Starline Complex, Alkapuri, Opp. Circuit House, Vadodara - 380007

વર્ષ : ૦૧ અંક : ૧૬ તા. ૧૭-૧૦-૨૦૨૫ શુક્રવાર વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/- છુટક નકલ : કિંમત રૂા. ૨/- ૭૦૩ સ્ટારલાઈન કોમ્પ્લેક્ષ, અલકાપુરી, સરકીટ હાઉસ સામે, વડોદરા-૩૯૦૦૦૭

# લાલુ-તેજસ્વી અને રાબડી દેવી સામે ૪૨૦ હેઠળ આરોપો ઘડાયા

## લાલુ યાદવ પર આરોપ છે કે તેમણે બે આઈઆરસીટીસી હોટલ, બીએનઆર રાંચી-બીએનઆર પુરીના જાળવણીના કોન્ટ્રાક્ટ ગેરકાયદે રીતે આપ્યા હતા

નવી દિલ્હી,

બિહારમાં વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ વચ્ચે IRCTC કૌભાંડ કેસમાં લાલુ પરિવારની મુશ્કેલી વધી છે. દિલ્હીની રાઉઝ એવેન્યુ કોર્ટે આરજેડી સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવ અને બિહારમાં નેતા વિપક્ષ તેજસ્વી યાદવ સહિત બધા આરોપીઓ વિરુદ્ધ આરોપ નક્કી કરવામાં આવ્યા છે એટલે કે હવે આ લોકો વિરુદ્ધ આ મામલામાં કેસ ચાલશે.જે કલમો હેઠળ આરોપ નક્કી કરવામાં આવ્યા છે, તેમાં IPC 420, IPC 120B, પ્રીવેન્શન ઓફ કરપ્શન એકટની કલમ 13(2) અને 13 (1)(d) સામેલ છે. મહત્વનું છે કે પ્રીવેન્શન ઓફ કરપ્શન એકટની કલમ ૧૩(૨) અને ૧૩ (1)(d) માત્ર લાલુ પ્રસાદ યાદવ પર લાગી છે.

કોર્ટે લાલુ યાદવને પૂછ્યું કે શું તમે તમારો અપરાધ માનો છો તો લાલુ યાદવ સહિત રાબડી અને તેજસ્વીએ પોતાનો અપરાધ માનવાથી ઈનકાર કરી દીધો. લાલુ પરિવારે કોર્ટમાં કહ્યું કે તે કેસનો સામનો કરશે. તો રાબડી યાદવે કહ્યું કે આ ખોટો કેસ છે.

કોર્ટ પ્રમાણે લાલુ યાદવની જાણકારીમાં આ કૌભાંડનું ષડયંત્ર રચવામાં આવ્યું. કોર્ટે કહ્યું કે આ મામલામાં આરોપી વ્યાપક ષડયંત્રમાં સામેલ હતા. લાલુ પરિવારને આ મામલામાં ફાયદો પહોંચ્યો. કોન્ટ્રાક્ટ આપવાના બદલે રાબડી અને તેજસ્વીને ખુબ ઓછી કિંમત પર જમીન મળી. આ મામલામાં quid pro નો આરોપ આ સ્ટેજ પર જોવા મળી રહ્યો નથી. RJD સુપ્રીમો લાલુ યાદવ કોર્ટમાં હાજર થવા માટે વ્હીલચેરમાં પહોંચ્યા. તેમની સાથે રાબડી દેવી, તેજસ્વી યાદવ અને પ્રેમચંદ ગુપ્તા પણ હતા. તેઓ રવિવારે (૧૨ ઓક્ટોબર) કોર્ટમાં હાજર થવા માટે દિલ્હી પહોંચ્યા. લાલુ અને તેજસ્વી યાદવ દિલ્હીમાં મીસા ભારતીના પાંડારા પાર્ક નિવાસસ્થાને રોકાયા છે. CBI એ તેની ચાર્જશીટમાં આરોપ લગાવ્યો છે કે ૨૦૦૪ થી ૨૦૧૪ની વચ્ચે, એક ષડયંત્રના ભાગ રૂપે, પુરી અને રાંચીમાં ભારતીય રેલવેની BNR હોટલોને પહેલા IRCTC ને ટ્રાન્સફર કરવામાં આવી હતી અને બાદમાં બિહાર સ્થિત સુજાતા હોટેલ્સ પ્રાઈવેટ લિમિટેડને સંચાલન અને જાળવણી માટે લીઝ પર આપવામાં આવી હતી. એજન્સીએ આરોપ લગાવ્યો હતો કે ટેન્ડર પ્રક્રિયામાં ગોટાળા અને છેડછાડ કરવામાં આવી હતી, અને શરતોમાં પણ ફેરફાર કરીને સુજાતા હોટેલ્સની તરફેણ કરવામાં આવી હતી. આ ચાર્જશીટમાં IRCTCના તત્કાલીન જનરલ મેનેજરો વીકે અસ્થાના અને આરકે ગોયલ ઉપરાંત, સુજાતા હોટેલ્સના ડિરેકટર, ચાણક્ય હોટેલના માલિક વિજય કોચર અને વિનય કોચરના નામનો પણ ઉલ્લેખ છે. આ કૌભાંડ પણ લાલુ પ્રસાદ યાદવના રેલવે મંત્રી તરીકેના કાર્યકાળ (૨૦૦૪-૨૦૦૯) સાથે સંબંધિત છે. મુખ્ય આરોપ એ છે કે રેલવેના બે હોટલો (બિહારના રાંચી અને પુરી) ના મેન્ટેનન્સ અને સંચાલનનો ટેન્ડર ખાનગી કંપનીઓને આપવા બદલ ગેરરીતિઓ આચરવામાં આવી હતી. કથિત રીતે, ટેન્ડરની શરતોમાં ફેરફાર કરવામાં આવ્યા હતા જેથી એક ચોક્કસ ખાનગી કંપનીને ફાયદો થાય. આના બદલામાં, લાલુ યાદવના પરિવારને જમીન અથવા અન્ય આર્થિક લાભોના રૂપમાં લાંચ મળી હતી. CBIએ આ મામલે લાલુ પ્રસાદ યાદવ, તેમની પત્ની રાબડી દેવી અને પુત્ર તેજસ્વી યાદવ સહિત અન્ય આરોપીઓ વિરુદ્ધ ભ્રષ્ટાચાર અને ગુનાહિત કાવતરાના આરોપો હેઠળ ચાર્જશીટ દાખલ કરી છે.

### લેન્ડ ફોર જોબ અને IRCTC કેસ



મંત્રી બન્યો ત્યારથી આવક ઓછી થઈ ગઈ : સુરેશ ગોપી

## દિગ્ગજ ભાજપના નેતાને રાજીનામું આપવાની ઇચ્છા



નવી દિલ્હી,

કેન્દ્રીય મંત્રી સુરેશ ગોપીએ અભિનય ક્ષેત્રે પાછા ફરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. આ ઈચ્છા તેમણે પોતાની આવકમાં નોંધપાત્ર ઘટાડો થયો હોવાથી વ્યક્ત કરી છે. ત્રિશૂરના સાંસદ અને અભિનેતામાંથી રાજકારણી બનેલા ગોપીએ કન્નુરમાં એક કાર્યક્રમમાં બોલતા કહ્યું કે, મંત્રી પદ સંભાળ્યા પછી મારી આવકમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. હું અભિનય ચાલુ રાખવા માગુ છું. મારે વધુ આવકની જરૂર છે; મારી કમાણી સંપૂર્ણપણે બંધ થઈ ગઈ છે.

સુરેશ ગોપીએ કહ્યું કે, હું રાજ્યના સૌથી યુવા ભાજપ સભ્યો પૈકી એક છું અને મેં સૂચન કર્યું હતું કે, રાજ્યસભાના સાંસદ સી. સદાનંદન માસ્ટરને મારી જગ્યાએ કેન્દ્રીય મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવે. મેં ક્યારેય મંત્રી બનવા માટે પ્રાર્થના કે આજીજી કરી નથી. ચૂંટણીના એક દિવસ પહેલાં પત્રકારોએ મને મંત્રી બનવા મુદ્દે સવાલ કર્યો હતો અને મેં જવાબ આપ્યો હતો કે, મારે મંત્રી નથી બનવું, હું મારી સિનેમાની કારકિર્દી ચાલુ રાખવા માગું છું. ઉલ્લેખનીય છે, સુરેશ ગોપી કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસના રાજ્યમંત્રી ઉપરાંત ટુરિઝમ મંત્રી તરીકે સેવા આપે છે.

કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ રાજ્યમંત્રીએ કહ્યું, હું ઑક્ટોબર ૨૦૦૮માં પાર્ટીમાં જોડાયો હતો. હું કેરળમાંથી લોકો દ્વારા ચૂંટાયેલો પહેલો ભાજપ સાંસદ હતો અને પાર્ટીને લાગ્યું કે મને મંત્રી બનાવવો જોઈએ. આ વર્ષની શરુઆતમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કન્નુરથી ભાજપના વરિષ્ઠ નેતા સદાનંદન માસ્ટરને રાજ્યસભામાં નોમિનેટ કર્યા હતા. નોંધનીય છે કે, કન્નુર જિલ્લાના ભાજપના વરિષ્ઠ નેતા સદાનંદન માસ્ટર રાજકીય હિંસાનો ભોગ બન્યા છે. ૧૯૯૪માં તેમણે સીપીઆઇ(એમ) કાર્યકરો દ્વારા કથિત હુમલામાં પોતાના બંને પગ ગુમાવ્યા હતા.

## પુષ્ય નક્ષત્ર પહેલાં ચાંદીમાં રૂપિયા ૫૦૦૦નો ઉછાળો



નવી દિલ્હી,

પુષ્ય નક્ષત્રના એક દિવસ પહેલાં જ ૧૩ ઓક્ટોબરના રોજ સોના-ચાંદીના ભાવ ફરી નવી ઐતિહાસિક ટોચે પહોંચ્યા છે. વૈશ્વિક અનિશ્ચિતતાઓ અને વૈશ્વિક બજારના સથવારે આજે સ્થાનિક બજારમાં ચાંદીનો ભાવ અધધધ રૂ. ૫૦૦૦ પ્રતિ કિગ્રા ઉછળ્યો હતો. સોનું પણ રૂ. ૧,૨૯,૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામની રેકોર્ડ ટોચે પહોંચ્યો છે. આજે સ્થાનિક બજારમાં ચાંદીનો ભાવ રૂ. ૫૦૦૦ ઉછળી રૂ. ૧,૭૫,૦૦૦ પ્રતિ કિગ્રાની ઐતિહાસિક ટોચે પહોંચ્યો છે. સોના અને ચાંદીના રેકોર્ડ ભાવ વધારાના કારણે પુષ્ય નક્ષત્રમાં ઘરાકીનો અભાવ જોવા મળ્યો છે. હાલ માત્ર ૨૦થી ૩૦ ટકા ખરીદદારોએ જ ઓર્ડર બુક કરાવ્યા હોવાનું અમદાવાદ ચોકસી મહાજને જણાવ્યું હતું. હાલ બજારમાં માત્ર નાના-મોટા રોકાણકારો જ ખરીદી કરતાં જોવા મળ્યા છે. ઉલ્લેખનીય છે, સોના-ચાંદીની કિંમત ઓલટાઈમ હાઈ હોવા છતાં પ્રોફિટ બુકિંગનું કોઈ ખાસ વલણ જોવા મળ્યું નથી.ચાલુ કેલેન્ડર વર્ષ કિંમતી ધાતુ માટે શુકનવંતુ રહ્યું છે. આ વર્ષે ચાંદીમાં મૂડી ડબલ થઈ છે, જેમાં ૧૦૨ ટકા રિટર્ન છૂટ્યું છે. જ્યારે સોનામાં પણ ૬૪ ટકા ઉછાળો જોવા મળ્યો છે. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ સોનું રૂ. ૭૮૭૦૦ પ્રતિ ૧૦ ગ્રામ સામે રૂ. ૫૦,૩૦૦ ઉછળી રૂ. ૧,૨૯,૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામની રેકોર્ડ ટોચે પહોંચ્યું છે. જ્યારે ચાંદી રૂ. ૮૬૫૦૦ પ્રતિ કિગ્રા સામે રૂ. ૮૮૫૦૦ ઉછળી રૂ. ૧,૭૫,૦૦૦ પ્રતિ કિગ્રાની ઓલટાઈમ હાઈ સપાટીએ પહોંચી છે. વૈશ્વિક સ્તરે જિઓ-પોલિટિકલ ક્રાઈસિસ, ટ્રમ્પની ટેરિફ નીતિ, અમેરિકામાં મંદી, ફેડ રેટ કટ, ક્રૂડના ભાવમાં ઘટાડો સહિતના વિવિધ પરિબળોના કારણે સેફ હેવનમાં રોકાણ વધ્યું છે. વિવિધ સેન્ટ્રલ બેક્રો દ્વારા ગોલ્ડ રિઝર્વ્સ પણ વધારવામાં આવી છે. રૂપિયો નબળો પડ્યો છે. બીજી તરફ ચાંદીની ઔદ્યોગિક માગ સતત વધી રહી છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની મોટી જાહેરાત

## ૨૦૨૭ બાદ દરેક કેસનું 3 વર્ષની અંદર નિરાકરણ આવી જશે



નવી દિલ્હી,

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ શનિવારે જયપુર પહોંચ્યા હતા, જ્યાં તેમણે જેઈસીસીમાં ત્રણ નવા ગુનાહિત કાયદા પર આધારિત રાજ્ય સ્તરીય પ્રદર્શનીનું ઉદ્ઘાટન કર્યું હતું. આ દરમિયાન તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા લાગુ કરવામાં આવેલા ત્રણ નવા કાયદા-ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ દેશની ન્યાય પ્રણાલીમાં ઐતિહાસિક બદલાવ લાવનારા છે. શાહે કહ્યું કે આ કાયદાને સંપૂર્ણપણે લાગુ કરવામાં બે વર્ષ લાગશે, પણ ૨૦૨૭માં નોંધાયેલી દરેક ફરિયાદમાં ત્રણ વર્ષની અંદર સુપ્રીમ કોર્ટ સુધીમાં ન્યાય મળવાની ખાતરી કરવામાં આવશે.

અમિત શાહે પોતાના સંબોધનમાં કહ્યું કે આ ખાલી કાનૂની સુધાર નથી, પણ દેશની ન્યાય વ્યવસ્થામાં આમૂલ પરિવર્તન છે. તેમણે તેને ઈઝ ઓફ લિવિંગ સાથે ઈઝ ઓફ જસ્ટિસની દિશામાં મોટું પગલું ગણાવ્યું છે. શાહે જણાવ્યું કે, પહેલા પોલીસ દ્વારા પકડેલા ૧૦૦ ગુનેગારોમાંથી ખાલી ૪૨ને સજા મળતી હતી, જે હવે વધીને ૬૦ ટકા થઈ ગઈ છે. તેમણે કહ્યું કે, જ્યારે આ કાયદા સંપૂર્ણપણે લાગુ થઈ જશે તો આ આંકડો ૯૦ ટકા સુધી પહોંચી જશે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, નવા કાયદામાં મહિલાઓ અને બાળકોની સુરક્ષા માટે અલગથી જોગવાઈ કરી છે. ૭ વર્ષથી વધારે સજાવાળા કેસમાં હવે ફોરેન્સિક તપાસ ફરજિયાત છે. આતંકવાદ, મોબ લિંચિંગ અને સંગઠિત ગુનાની સ્પષ્ટ પરિભાષા નક્કી કરી છે. હવે ૯૦ દિવસની અંદર કેસની ચાર્જશીટ દાખલ કરવામાં આવશે. શાહે કહ્યું કે, આ બદલાવ ૨૧મી સદીનો સૌથી મોટો ન્યાયિક સુધાર છે અને તેનાથી દેશની આપરાધિક ન્યાય સિસ્ટમ દુનિયામાં સૌથી આધુનિક બની જશે.

ગાયઘાટ બેઠક પરથી કોમલ સિંહને ટિકિટ આપી

## બિહાર ચૂંટણીને લઈ JDUએ ૫૭ ઉમેદવારોના નામ કર્યા જાહેર



પટના,

બિહાર વિધાનસભા ચૂંટણી માટે જનતા દળ યુનાઈટેડ (JDU) એ ઉમેદવારોની પહેલી યાદી જાહેર કરી છે. જેડીયુની પહેલી યાદીમાં ૫૭ ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી છે. NDA માં એક વિચિત્ર રાજકીય રમત ચાલી રહી છે. જનતા દળ યુનાઈટેડ એ ચિરાગ પાસવાનની લોક જનશક્તિ પાર્ટી દ્વારા દાવો કરાયેલી પાંચ વિધાનસભા બેઠકો માટે તેના ઉમેદવારોને ટિકિટ આપી છે. જનતા દળ યુનાઈટેડ એ આજે ૫૭ ઉમેદવારોની પોતાની પ્રથમ યાદી જાહેર કરી. આ યાદીમાં લોક જનશક્તિ (રામ વિલાસ) દ્વારા દાવો કરાયેલી પાંચ બેઠકોનો સમાવેશ થાય છે. આ બેઠકો સોનબરસા, મોરવા, એકમા, રાજગીર અને ગાયઘાટ છે.

જેડીયુએ ગાયઘાટ બેઠક પરથી કોમલ સિંહને ટિકિટ આપી છે. તે એલજેપી (આર) સાંસદ વીણા દેવીની પુત્રી છે. કોમલ સિંહના પિતા દિનેશ સિંહ, જેડીયુના એમએલસી છે. એવી અટકળો ચાલી રહી હતી કે તે એલજેપી (રામવિલાસ) ઉમેદવાર હશે, જોકે, જ્યારે આ બેઠક જેડીયુને ગઈ, ત્યારે તે ત્યાંથી ઉમેદવાર બની.

જેડીયુએ બરબીઘાથી વર્તમાન ધારાસભ્ય સુદર્શન કુમારની ટિકિટ કાપી છે. કુમાર પુષ્પંજય બરબીઘાથી જેડીયુ ઉમેદવાર હશે. કુશેશ્વરસ્થાનથી અમન ભૂષણ હજારીની ટિકિટ પણ કાપવામાં આવી છે. જેડીયુએ પારસાથી છોટે લાલ યાદવને ટિકિટ આપી છે. છોટે લાલ આરજેડી છોડીને જેડીયુમાં જોડાયા હતા. તેમણે આરજેડીની ટિકિટ પર ૨૦૨૦ ની બેઠક જીતી હતી.એ જોવું રસપ્રદ રહેશે કે ચિરાગ પાસવાન તેમની પાર્ટી લોક જનશક્તિ (આર) ની યાદીમાં આ પાંચ બેઠકો માટે ઉમેદવારો ઉભા રાખે છે કે નહીં. જો ચિરાગ પણ આ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખે છે તો તે એનડીએમાં મોટી ઉથલપાથલ મચાવી શકે છે.જેડીયુએ પારસાથી છોટે લાલ યાદવને ટિકિટ આપી છે, છોટે લાલ આરજેડી છોડીને જેડીયુમાં જોડાયા હતા પાર્ટી દ્વારા જાહેર કરાયેલી યાદીમાં બિહારના મંત્રી વિજય કુમાર ચૌધરી, શ્રવણ કુમાર અને મદન સાહનીના નામનો સમાવેશ થાય છે. કેટલાક વર્તમાન ધારાસભ્યોની પણ ટિકિટ કાપવામાં આવી છે. જેડીયુએ બરબીઘાથી વર્તમાન ધારાસભ્ય સુદર્શન કુમારની ટિકિટ કાપી છે. સુદર્શનના સ્થાને કુમાર પુષ્પંજયને ટિકિટ આપવામાં આવી છે. પાર્ટીએ કુશેશ્વરસ્થાનથી અમન ભૂષણ હજારીની ટિકિટ કાપી છે. જેડીયુએ હજારીના સ્થાને અતિરેક કુમારને ઉમેદવાર બનાવ્યા છે. જેડીયુએ પારસાથી છોટે લાલ યાદવને ટિકિટ આપી છે. યાદવ થોડા દિવસો પહેલા આરજેડી છોડીને જેડીયુમાં જોડાયા હતા. ૨૦૨૦ની ચૂંટણીમાં તેઓ આરજેડીની ટિકિટ પર વિધાનસભા પહોંચ્યા હતા.

## શોર્ટ સર્કિટને કારણે લાગેલી આગમાં કોઈને પણ બહાર નીકળવાનો મોકો



જેસલમેર,

રાજસ્થાનમાં મંગળવારે મોડી સાંજે જેસલમેરથી જોધપુર જઈ રહેલી ૫૭ મુસાફરોને લઈને જઈ રહેલી ખાનગી બસમાં ૨૦ લોકોના દુ:ખદ મોત થયા. શોર્ટ સર્કિટને કારણે લાગેલી આગમાં કોઈને પણ બહાર નીકળવાનો મોકો મળ્યો નહોતો. પ્રધાનમંત્રી કાર્યાલયે અકસ્માતમાં જીવ ગુમાવનારા મુસાફરોના પરિવારજનોને ૨ લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરી. સૂત્રો જણાવે છે કે બસની અંદર ફટાકડા હોવાને કારણે આગ ભડકી હતી. આગ ઝડપથી વધી ગઈ અને મૃત્યુઆંક આવતાની સાથે જ તેઓ તેમના પ્રિયજનોને ઓળખવાનો પ્રયાસ કરતા બેહોશ થઈ ગયા. કેટલાક લોકોએ આરોપ લગાવ્યો કે આ અકસ્માત ટ્રાવેલ કંપનીની બેદરકારીને કારણે થયો હતો - "જો મુસાફરો પાસેથી આટલા પૈસા વસૂલવામાં આવ્યા હતા, તો તેમની સલામતીની વ્યવસ્થા કેમ ન કરવામાં આવી?" - પરિવારના સભ્યોમાં શોકની કાલિમા છવાઈ ગઈ. પ્રાથમિક માહિતી અનુસાર બસના એન્જિનમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાની શંકા છે.જોધપુર લઈ જતી વખતે ગંભીર રીતે દાઝી ગયેલા ૧૬ લોકોને રસ્તામાં જ એક વ્યક્તિનું મોત નીપજ્યું. અકસ્માતની માહિતી મળતાં જ ત્રણ એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ. ૧૫ ઘાયલોને તાત્કાલિક જવાહર હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. જેમાંથી ૯ લોકોને જોધપુર રિફર કરવામાં આવ્યા. સેનાએ ઘટનાસ્થળે પહોંચીને ફાયર બ્રિગેડની મદદથી આગ પર કાબુ મેળવ્યો. સેનાએ બસને કાબૂમાં લીધી અને તેને આર્મી હોસ્પિટલમાં લઈ ગઈ. જેસલમેરમાં એક ખાનગી બસમાં લાગેલી આગમાં દાઝી ગયેલા ૧૬ દર્દીઓને ગ્રીન કોરિડોર દ્વારા ૧૦ એમ્બ્યુલન્સમાં જોધપુર લઈ જવામાં આવ્યા. આ સમય દરમિયાન, વહીવટીતંત્રે હોસ્પિટલ વહીવટીતંત્રને સતર્ક રહેવાનો આદેશ આપ્યો હતો. જિલ્લા કલેક્ટર પ્રતાપ સિંહે તાત્કાલિક સંબંધિત અધિકારીઓને તાત્કાલિક રાહત અને તબીબી સંભાળ સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો. તાત્કાલિક એક હેલ્પ ડેસ્કની સ્થાપના કરવામાં આવી હતી અને ચાર ફોન નંબર જારી કરવામાં આવ્યા હતા: ૯૪૧૪૮૦૧૪૦૦, ૮૦૦૩૧૦૧ ૪૦૦, ૦૨૯૯૨-૨૫૨૨૦૧, અને ૦૨૯૯૨-૨૫૫૦૫૫. મુખ્યમંત્રી ભજન લાલ શર્માએ પણ શોક વ્યક્ત કર્યો હતો અને ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી અને ઘાયલોને મળ્યા હતા.

તંત્રી લેખ

# સિનેમા વિરુદ્ધ મોબાઈલ

એશિયા ખંડ અને એશિયા પેસિફિક દેશોમાં ઓવર-ધ-ટોપ એટલે કે ઓટીટી પ્લેટફોર્મમાં આવતી ફિલ્મો અને સિરીઝના રેવન્યુ આવતા પાંચેક વર્ષમાં ૫૮ બિલિયન ડોલરને આંબી જશે. સમગ્ર વિશ્વમાંથી અત્યારે ઓટીટી પ્લેટફોર્મ ૧૫૦ અબજ ડોલર કરતાં વધુ કમાણી કરે છે. આ આંકડો આગામી પાંચ વર્ષમાં બેવડો થવાની શક્યતા છે. ડિજિટલ ટીવી રિસર્ચના ગહન અભ્યાસ પછી આવેલા તારણ મુજબ કોવિડકાળ પછી વાર્ષિક ૫૬% ના વધારા સાથે ઓટીટી પ્લેટફોર્મ બિઝનેસ કરે છે. એશિયાની વાત કરીએ તો ચીન ચાર બિલિયન અને ભારત બે બિલિયન ડોલરની માર્કેટ ધરાવે છે. ચીનમાં આ આંકડો સ્થિર થઈ ગયો છે પણ ભારતમાં તે વધી રહ્યો છે. સાઉથ કોરિયા અને જાપાન પણ ત્રણ - ત્રણ બિલિયન ડોલરની ઓટીટી માર્કેટ ધરાવે છે.ડિજિટલ ટીવીના સર્વે મુજબ ચીનમાં સોશ્યલ મીડિયાની સાથે હવે ઓટીટી ઉપર પણ પ્રતિબંધ આવી રહ્યા છે, માટે ત્યાં તેની માર્કેટ વહેલા મોડી સીમિત થઈ જશે. અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા, યુરોપ અને જાપાન જેવા દેશોની માર્કેટ મોટી છે, પણ તેની એક મર્યાદા એ છે કે ત્યાં જન્મદર ઓછો છે. વસ્તી ઓછી હોવાના કારણે મોબાઈલમાં ઇન્ટરનેટ વાપરતા લોકોની સંખ્યા ઓછી રહે છે. તે દેશોમાં પોટેન્શિયલ માર્કેટ અને પોટન્શિયલ ગ્રોથ એક વર્તુળમાં મર્યાદિત રહેશે. કોરિયા જેવા દેશોમાં ટિકટોક જેવી સેલ્ફ વિડિયો એપ વાપરવા વાળા ઘણા છે માટે પણ ઓટીટી માટે બહુ સ્કોપ નથી. હવે દરેક ઓટીટી પ્લેટફાર્મ કે ચેનલનો ડોળો જગતના સૌથી મોટા ખુલ્લા માર્કે અર્થાત્ ભારત ઉપર છે. ભારત વૈશ્વિક બજાર બની રહ્યું છે.ભારતમાં વસ્તી છે એનાથી વધુ સેલફોન છે. પણ ઇન્ટરનેટ કનેક્શન દરેક ફોનમાં નથી. હોય તો પણ અમર્યાદિત ડેટા બધા પાસે હોતો નથી. ફાઈવ - જીની સર્વિસ શરૂ થાય તેની ભારતના નાગરિકો જેટલી રાહ જોતા હશે તેનાથી વધુ ઈ-કોમર્સ વેબસાઈટના માલિકો અને ખાસ તો સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ જોઈ રહ્યા છે. દુનિયામાં અત્યારે ગણ્યાગાંઠયા લોકોને જ અંદાજ છે કે ભારતમાં ફાઈવ-જી શરૂ થશે પછી વૈશ્વિક અર્થતંત્રમાં તેની અસર જોવા મળશે અને ભારત વધુ સશકત બનશે. ફાઈવ-જી શરૂ થતાં થશે પણ તેની પહેલાં વધુને વધુ ભારતીય નાગરિકો પોતાના સેલફોનને પોકેટ થિએટર બનાવી રહ્યા છે.થોડા સમય પહેલા વર્લ્ડ સિનેમા ડેના દિવસે પંચોતેર રૂપિયાની ટિકિટ હોવાને કારણે સિનેમાગૃહોમાં જે ધસારો જોવા મળેલો એટલી ભીડ તેના પછી એક પણ ફિલ્મ માટે જોવા મળી નથી. એક હજાર કરોડ કરતાં વધુ કમાણીનો દાવો કરનારી ફિલ્મ પણ તરત જ ઓટીટી પ્લેટફોર્મ ઉપર રિલીઝ કરી દેવામાં આવી. આ જ બાબત ઓટીટી પ્લેટફોર્મની અસીમ તાકાત દર્શાવે છે. ભારતમાં વસ્તી છે એનાથી વધુ સેલફોન છે. પણ ઇન્ટરનેટ કનેક્શન દરેક ફોનમાં નથી. હોય તો પણ અમર્યાદિત ડેટા બધા પાસે હોતો નથી. ફાઈવ - જીની સર્વિસ શરૂ થાય તેની ભારતના નાગરિકો જેટલી રાહ જોતા હશે તેનાથી વધુ ઈ-કોમર્સ વેબસાઈટના માલિકો અને ખાસ તો સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ જોઈ રહ્યા છે. દુનિયામાં અત્યારે ગણ્યાગાંઠયા લોકોને જ અંદાજ છે કે ભારતમાં ફાઈવ-જી શરૂ થશે પછી વૈશ્વિક અર્થતંત્રમાં તેની અસર જોવા મળશે અને ભારત વધુ સશકત બનશે. ફાઈવ-જી શરૂ થતાં થશે પણ તેની પહેલાં વધુને વધુ ભારતીય નાગરિકો પોતાના સેલફોનને પોકેટ થિએટર બનાવી રહ્યા છે.થોડા સમય પહેલા વર્લ્ડ સિનેમા ડેના દિવસે પંચોતેર રૂપિયાની ટિકિટ હોવાને કારણે સિનેમાગૃહોમાં જે ધસારો જોવા મળેલો એટલી ભીડ તેના પછી એક પણ ફિલ્મ માટે જોવા મળી નથી. એક હજાર કરોડ કરતાં વધુ કમાણીનો દાવો કરનારી ફિલ્મ પણ તરત જ ઓટીટી પ્લેટફોર્મ ઉપર રિલીઝ કરી દેવામાં આવી. આ જ બાબત ઓટીટી પ્લેટફોર્મની અસીમ તાકાત દર્શાવે છે. મોબાઈલમાં આવતા આ સ્ટ્રીમીંગ પ્લેટફોર્મ મનોરંજન ક્ષેત્રની વ્યાખ્યાઓ તથા દિશા અને દશા બદલાવી નાખી છે. મોનોપોલી તૂટી છે. સિનેમાએ ભોગવેલું એકહથ્થુ શાસન ડામાડોળ થઈને જમીનદોસ્ત થઈ ગયું છે. મોબાઈલમાં આવતા આ સ્ટ્રીમીંગ પ્લેટફોર્મ મનોરંજન ક્ષેત્રની વ્યાખ્યાઓ તથા દિશા અને દશા બદલાવી નાખી છે. મોનોપોલી તૂટી છે. સિનેમાએ ભોગવેલું એકહથ્થુ શાસન ડામાડોળ થઈને જમીનદોસ્ત થઈ ગયું છે. દાયકાઓ સુધી સિત્તેર એમએમના માલિકોએ ટીવીની નાની સ્કીનને તુચ્છકાર દ્રષ્ટિથી જોઈ છે. આજે એવો વખત આવ્યો છે કે ટીવીના કરતાં પણ વધુ નાની પાંચ ઈંચની સ્કીનના શરણે આવ્યા વિના છૂટકો નથી. અત્યારે મોબાઈલની સ્કીન રાજ કરે છે. પ્રોડયુસરોએ મોબાઈલ ફ્રેન્ડલી કન્ટેન્ટ બનાવવું પડે છે. ઓસ્કાર વિનીંગ મુવીઝ પણ ઓટીટી પ્લેટફોર્મ ઉપર આવે છે. ઓલ્ડ ક્લાસિક્સ પણ આ જ જગ્યાએ જોવા મળે.ઓટીટી પ્લેટફોર્મ ઉપર આવતા કન્ટેન્ટનું મુખ્ય ઉધાર પાસુ એ છે કે તેની ઉપર કોઈ રોક નથી. મોટા માધ્યમો જે બહોળા જનવર્ગ સુધી પહોંચે છે તેની ઉપર એક ચાળણો હોવો જોઈએ. કંટ્રોલીંગ ઓથોરિટી બોડી હોવી જોઈએ. જો કે સરકાર આ બાબતે જાગૃત નથી એવું નથી પણ તે પોતાના સ્વાર્થ પૂરતી જ જાગે છે. બીબીસીએ ૨૦૦૨ ઉપર ડોક્યુમેન્ટરી બનાવી તો તેનો બહુ ઉહાપોહ થયો. જો કે બીબીસી અચાનક આવા ભુલાઈ ગયેલા વિષયને લઈને કેમ આવે તે એક સવાલ છે. પણ એ કોન્સપાયરેસી થિયરી વાળા રાજકારણને સાઈડ ઉપર મૂકીએ. પણ ઓટીટીની અસર મોટી છે તે હકીકત છે. માટે જ ઓટીટી ઉપર આવતી દ્રષ્યાત્મક નગ્નતા અને નગ્ન ભાષા ચિંતાજનક છે.

## ટીમ ઈન્ડિયાએ વેસ્ટ ઈન્ડિઝનો કર્યો વ્હાઈટવોશ

# દિલ્હી ટેસ્ટમાં વેસ્ટ ઇન્ડીઝે હરાવીને ભારતે સિરીઝ ૨-૦થી જીતી લીધી

નવી દિલ્હી,

ભારતીય ક્રિકેટ ટીમે વેસ્ટ ઈન્ડિઝ સામેની બે મેચની ટેસ્ટ સીરિઝમાં શાનદાર પ્રદર્શન કરતાં ૨-૦થી ક્લિન સ્વીપ કર્યું છે. દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાયેલી બીજી અને અંતિમ ટેસ્ટ મેચ ભારતે સાત વિકેટથી જીતી લીધી છે. ભારતીય ટીમે રમતના પાંચમા અને અંતિમ દિવસ (૧૪મી ઓક્ટોબર)ના પહેલા સત્રમાં જ જીત માટેનો ૧૨૧ રનનો લક્ષ્યાંક આસાનીથી હાંસલ કરી લીધો હતો. ભારતની જીતમાં યુવા ખેલાડીઓ કુલદીપ યાદવ અને યશસ્વી જયસ્વાલે મુખ્ય ભૂમિકા ભજવી હતી. કુલદીપ યાદવે મેચમાં કુલ ૮ વિકેટ ઝડપીને વેસ્ટ ઈન્ડિઝના બેટિંગ ક્રમને ધ્વસ્ત કર્યો હતો. જ્યારે યુવા ઓપનર યશસ્વી જયસ્વાલે પહેલી ઈનિંગમાં ૧૭૫ રનની શાનદાર સદી ફટકારીને ભારતને વિશાળ લીડ અપાવવામાં મદદ કરી હતી.દિલ્હી ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડિઝે પહેલી ઈનિંગમાં ૨૪૮ રન બનાવ્યા હતા. જેના જવાબમાં ભારતીય ટીમે યશસ્વીની સદીની મદદથી ૫ વિકેટે ૫૧૮ રન બનાવીને ઈનિંગ ડિકલેર કરી હતી અને ૨૭૦ રનની મજબૂત લીડ મેળવી હતી. ભારતે વેસ્ટ ઈન્ડિઝને ફોલો-ઓન આપ્યું હતું, જેમાં વેસ્ટ ઈન્ડિઝની ટીમ બીજી ઈનિંગમાં ૩૯૦ રન બનાવી શકી હતી, જેના કારણે ભારતને જીતવા માટે ૧૨૧ રનનો નાનો લક્ષ્યાંક મળ્યો હતો.કુલદીપ અને જયસ્વાલે ભારતની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી, કુલદીપે મેચમાં કુલ આઠ વિકેટ લીધી હતી, જ્યારે યશસ્વીએ ૧૭૫ રન કર્યા હતા આ જીત સાથે, ભારતીય ટીમે વેસ્ટ ઈન્ડિઝ સામે ટેસ્ટ સીરિઝમાં જીતનો પોતાનો રેકોર્ડ જાળવી રાખ્યો છે. વેસ્ટ ઈન્ડિઝ સામે ભારતનો આ સતત ૧૦મો ટેસ્ટ સીરિઝ વિજય છે. વેસ્ટ ઈન્ડિઝે છેલ્લે ૨૦૦૨માં ભારતને ટેસ્ટ સીરિઝમાં હરાવ્યું હતું. ત્યારથી, વેસ્ટ ઈન્ડિઝ ભારત સામે એક પણ ટેસ્ટ મેચ જીતી શક્યું નથી. નોંધનીય છે કે ભારતે સીરિઝની પહેલી ટેસ્ટ અમદાવાદમાં ૧૪૦ રનના મોટા અંતરથી જીતી હતી. ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે ટેસ્ટ શ્રેણીની બીજી અને અંતિમ મેચ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાઈ હતી. ભારતીય ટીમે સાત વિકેટથી જીત મેળવી હતી. ૧૨૧ રનનો ટાર્ગેટ ટીમે પાંચમા દિવસના પહેલા સેશનમાં જ મેળવી લીધો હતો. કુલદીપ યાદવ અને યશસ્વી જયસ્વાલે ભારતની જીતમાં મુખ્ય




ભૂમિકા ભજવી હતી. કુલદીપે મેચમાં કુલ આઠ વિકેટ લીધી હતી, જ્યારે યશસ્વીએ સદી (૧૭૫ રન) ફટકારી હતી. આ જીત સાથે ભારતીય ટીમે ટેસ્ટ શ્રેણીમાં વેસ્ટ ઈન્ડિઝને ૨-૦થી ક્લીન સ્વીપ કરી દીધું હતું. દિલ્હી ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડિઝે તેની બીજી ઈનિંગમાં ૩૯૦ રન બનાવ્યા હતા. ટીમ ઈન્ડિયાએ તેની પહેલી ઈનિંગ ૫૧૮/૫ પર ડિકલેર કરી હતી, જ્યારે વેસ્ટ ઈન્ડિઝે તેની પહેલી ઈનિંગમાં ૨૪૮ રન બનાવ્યા હતા. ભારતે તેની પહેલી ઈનિંગના આધારે ૨૭૦ રનની લીડ મેળવી હતી અને ફોલો-ઓન લાગુ કર્યું હતું. દિલ્હી ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડિઝે પહેલી ઈનિંગમાં ૨૪૮ રન બનાવ્યા હતા. જેના જવાબમાં ભારતીય ટીમે યશસ્વીની સદીની મદદથી ૫ વિકેટે ૫૧૮ રન બનાવીને ઈનિંગ ડિકલેર કરી હતી અને ૨૭૦ રનની મજબૂત લીડ મેળવી હતી. ભારતે વેસ્ટ ઈન્ડિઝને ફોલો-ઓન આપ્યું હતું, ૨૧ રનનો ટાર્ગેટ ટીમે પાંચમા દિવસના પહેલા સેશનમાં જ મેળવી લીધો હતો. કુલદીપ યાદવ અને યશસ્વી જયસ્વાલે ભારતની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. કુલદીપે મેચમાં કુલ આઠ વિકેટ લીધી હતી, જ્યારે યશસ્વીએ સદી (૧૭૫ રન) ફટકારી હતી. આ જીત સાથે ભારતીય ટીમે ટેસ્ટ શ્રેણીમાં વેસ્ટ ઈન્ડિઝને ૨-૦થી ક્લીન સ્વીપ કરી દીધું હતું. દિલ્હી ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડિઝે તેની બીજી ઈનિંગમાં ૩૯૦ રન બનાવ્યા હતા.કુલદીપ અને જયસ્વાલે ભારતની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી, કુલદીપે મેચમાં કુલ આઠ વિકેટ લીધી હતી, ટીમ ઈન્ડિયાએ તેની પહેલી ઈનિંગ ૫૧૮/૫ પર ડિકલેર કરી હતી, જ્યારે વેસ્ટ ઈન્ડિઝે તેની પહેલી ઈનિંગમાં ૨૪૮ રન બનાવ્યા હતા. ભારતે તેની પહેલી ઈનિંગના આધારે ૨૭૦ રનની લીડ મેળવી હતી અને ફોલો-ઓન લાગુ કર્યું હતું. દિલ્હી ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડિઝે પહેલી ઈનિંગમાં ૨૪૮ રન બનાવ્યા હતા. જેમાં વેસ્ટ ઈન્ડિઝની ટીમ બીજી ઈનિંગમાં ૩૯૦ રન બનાવી શકી હતી, જેના કારણે ભારતને જીતવા માટે ૧૨૧ રનનો નાનો લક્ષ્યાંક મળ્યો હતો.કુલદીપ અને જયસ્વાલે ભારતની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી, કુલદીપે મેચમાં કુલ આઠ વિકેટ લીધી હતી, ભારતીય ટીમે અમદાવાદમાં શ્રેણીની પહેલી ટેસ્ટમાં એક ઈનિંગ અને ૧૪૦ રનથી શાનદાર વિજય મેળવ્યો હતો. આ ભારતનો વેસ્ટ ઈન્ડિઝ સામે સતત ૧૦મો ટેસ્ટ શ્રેણી વિજય છે. વેસ્ટ ઈન્ડિઝે છેલ્લે ૨૦૦૨માં પાંચ મેચની ટેસ્ટ શ્રેણી (૨-૧)માં ભારતને હરાવ્યું હતું. ત્યારથી, વેસ્ટ ઈન્ડિઝે ભારત સામે એક પણ ટેસ્ટ મેચ જીતી નથી.

# ઓસ્ટ્રેલિયન કેપ્ટન એલિસા હીલીએ નવ સ્થાનની છલાંગ લગાવી દીધી




નવી દિલ્હી,

ICC દ્વારા નવી ODI રેન્કિંગ જાહેર કરવામાં આવી છે. ICC મહિલા વર્લ્ડ કપ ૨૦૨૫ દરમિયાન, ODI બેટિંગ રેન્કિંગમાં મોટો ફેરફાર થયો છે. ટોચના ૧૦ બેટ્સમેનોમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યા છે.

ઓસ્ટ્રેલિયન કેપ્ટન એલિસા હીલીએ નવ સ્થાનની છલાંગ લગાવી છે અને સીધી ચોથા ક્રમે પહોંચી ગઈ છે. એલિસા હીલીએ તાજેતરમાં જ વર્લ્ડ કપ ૨૦૨૫ની ૧૩મી મેચમાં ભારત સામે શાનદાર સદી ફટકારી હતી, તેણીએ ૧૦૭ બોલમાં ૧૪૨ રન ફટકારીને ભારતીય બોલરોને મુશ્કેલીમાં મુક્યા હતા, જેમાં ૨૧ ચોગ્ગા અને ત્રણ છગ્ગાનો સમાવેશ થાય છે. આ પ્રભાવશાળી પ્રદર્શન હવે ICC રેન્કિંગમાં રંગ લાવી રહ્યું છે. હીલીનું રેટિંગ હવે ૭૦૦ છે. ફક્ત ઓસ્ટ્રેલિયાની બેથ મૂની, ઈંગ્લેન્ડની નેટ સાયવર-બ્રન્ટ અને ભારતની સ્મૃતિ મંધાના જ તેનાથી ઉપર છે.સ્મૃતિ મંધાના ODI બેટિંગ રેન્કિંગમાં ટોચ પર યથાવત છે, તેનું રેટિંગ ૭૯૩ છે. તેના પછી નેટ સાયવર-બ્રન્ટ (૭૪૬) અને બેથ મૂની (૭૧૮) અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે. દક્ષિણ આફ્રિકાની લૌરા વોલ્વાર્ડ પણ ત્રણ સ્થાન ઉપર ચઢીને સંયુક્ત ચોથા સ્થાને પહોંચી ગઈ છે. ન્યુઝીલેન્ડની સોફી ડિવાઈન પણ બે સ્થાન ઉપર ચઢીને છઠ્ઠા સ્થાને પહોંચી ગઈ છે.બીજી તરફ, ઓસ્ટ્રેલિયાની એલિસ પેરી અને એશ્લે ગાર્ડનરને નુકસાન થયું છે. પેરી એક સ્થાન નીચે ઉતરીને સાતમા સ્થાને પહોંચી ગઈ છે. એશ્લે ગાર્ડનર ત્રણ સ્થાન નીચે ઉતરીને આઠમા સ્થાને પહોંચી ગઈ છે. પાકિસ્તાનની સિદ્રા અમીન ટોપ ૧૦માં નવમા સ્થાને છે, એક સ્થાન ઉપર ઉતરીને છઠ્ઠા સ્થાને પહોંચી ગઈ છે. દક્ષિણ આફ્રિકાની તાજમિન બ્રિટ્સને સૌથી મોટો નુકસાન થયું છે, છ સ્થાન નીચે ઉતરીને ૧૦મા સ્થાને પહોંચી ગઈ છે.

## અદાણી અને ગૂગલે કરી ડીલ

# વિશાખાપટ્ટનમમાં દેશનું સૌથી મોટું ડેટા સેન્ટર કેમ્પસ બનાવાશે

વિશાખાપટ્ટનમ,

અદાણી એન્ટરપ્રાઈઝ અને એજ કોનેક્સ (EdgeConneX)ની જોઈન્ટ વેન્ચર કંપની Adani ConneX અને ગૂગલે આજે આંધ્ર પ્રદેશના વિશાખાપટ્ટનમમાં ભારતના સૌથી મોટા AI ડેટા સેન્ટર કેમ્પસ અને નવા ગ્રીન એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા માટે મહત્ત્વની ભાગીદારીની જાહેરાત કરી છે. વિશાખાપટ્ટનમમાં ગૂગલના એઆઈ હબ ગીગાવોટ-સ્કેલ ડેટા સેન્ટરની કામગીરી માટે પાંચ વર્ષ (૨૦૨૬-૨૦૩૦)માં આશરે ૧૫ અબજ ડોલરનું રોકાણ કરશે, જે ભારતમાં સૌથી વધુ માગ ધરાવતા એઆઈ વર્કલોડને ઓપરેટ કરવા મજબૂત સબ-સી કેબલ નેટવર્ક અને ક્લિન એનર્જી દ્વારા સપોર્ટેડ હશે. આ ડીલ અદાણી કોનેક્સ અને એરટેલ સહિતના ઈકોસિસ્ટમ ભાગીદારોની ભાગીદારી વધુ મજબૂત બનાવશે.

અદાણીકોનેક્સ સાથે જોડાણમાં વિકસાવવામાં આવેલા ગૂગલ એઆઈ હબના પાયાના સ્તંભોમાં વિશાખાપટ્ટનમમાં હેતુ-નિર્મિત એઆઈ ડેટા સેન્ટર ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો સમાવેશ થાય છે, જે ભારતની એઆઈ ક્ષમતામાં પરિવર્તન લાવશે. આ પ્રોજેક્ટ બંને કંપનીઓની ટકાઉપણું પ્રત્યેની પ્રતિબદ્ધતા પર સ્થાપિત છે. જે આંધ્રપ્રદેશમાં નવી ટ્રાન્સમિશન લાઈન, ક્લિન એનર્જી પ્રોડક્ટ્સ અને ઈનોવેટિવ એનર્જી સ્ટોરેજ સિસ્ટમ વિકસાવવા સંયુક્ત રોકાણ કરશે. આ રોકાણ ડેટા સેન્ટરની કામગીરીને ટેકો આપવા ઉપરાંત ભારતના વીજ ગ્રીડની ક્ષમતામાં પણ વધારો થશે. અદાણી જૂથના ચેરમેન ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે, અદાણી જૂથ આ ઐતિહાસિક પ્રોજેક્ટ માટે ગૂગલ સાથે પાર્ટનરશીપ કરવા બદલ ઉત્સુક છે. વિશાખાપટ્ટનમમાં ગૂગલના એઆઈ હબ ગીગાવોટ-સ્કેલ ડેટા સેન્ટરની કામગીરી માટે આશરે ૧૫ અબજ ડોલરનું રોકાણ કરશે જે ભારતના ડિજિટલ લેન્ડસ્કેપના ભવિષ્યને નવી વ્યાખ્યા આપશે. તે ફક્ત માળખાગત સુવિધામાં રોકાણ જ નહીં, પણ ઉભરી રહેલા રાષ્ટ્રમાં રોકાણ છે. આ ભાગીદારી રાષ્ટ્ર નિર્માણના અમારા સહિયારા દ્રષ્ટિકોણ અને ૨૧મી સદીના સાધનોથી દરેક ભારતીયને સશક્ત બનાવવાની અમારી પ્રતિબદ્ધતાનો પુરાવો છે.

## પોલીસનો કાફલો ખડકાયો

# યુપીના સંભલમાં કલ્કિ ધામ નજીક મસ્જિદ ઉપર બુલડોઝર ફર્યું



સંભલ,

ઉત્તર પ્રદેશના સંભલમાં સરકારી જમીનોને ગેરકાયદે કબ્જામાંથી મુક્ત કરાવવા માટે તંત્ર દ્વારા બુલડોઝરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. એચૌડા કંબોહ વિસ્તારમાં વિશાળ કલ્કિ ધામની બાજુમાં આવેલી જાહેર પાર્કની ૨૬૫ વર્ગ મીટર જમીન પર ગેરકાયદે બાંધવામાં આવેલી એક મસ્જિદને બુધવારે (૧૫ ઑક્ટોબર) ધ્વસ્ત કરી દેવામાં આવી હતી. નાયબ મામલતદાર દીપક ઝુરૈલ અને સીઓ કુલદીપ સિંહના નેતૃત્વમાં આ બુલડોઝર એક્શન લેવામાં આવ્યું નાયબ મામલતદાર દીપક ઝુરૈલ અને સીઓ કુલદીપ સિંહના નેતૃત્વમાં આ બુલડોઝર એક્શન લેવામાં આવ્યું હતું. આ મસ્જિદ સરકારી પાર્કની જમીન પર બનેલી હોવાથી, કોર્ટના આદેશ અને બેદખલી (Eviction) ના આદેશનું પાલન કરીને આ માળખું તોડી પાડવામાં આવ્યું હતું.સંભલમાં બની રહેલા વિશાળ કલ્કિ ધામની પાસે આવેલી જાહેર પાર્કની સરકારી જમીન પર આ નાની મસ્જિદ ગેરકાયદે ઊભી કરવામાં આવી હતી. હલ્કા લેખપાલના રિપોર્ટના આધારે, વહીવટી તંત્રએ ૧૧ જૂને મસ્જિદ કમિટીને જમીન ખાલી કરવા નોટિસ આપી હતી, જેને ૧૬ જૂને બજાવવામાં આવી હતી. કમિટીએ શરુઆતમાં થોડો ભાગ હટાવવાનું શરુ કર્યું, પરંતુ ત્યારે આખું બાંધકામ દૂર કરાયું ન હતું. ત્યાર બાદ ૨૪ સપ્ટેમ્બરે મામલતદાર દ્વારા મસ્જિદ વિરુદ્ધ બેદખલીનો આદેશ જાહેર કરવામાં આવ્યો અને ૧૦ ઑક્ટોબરે તેને હટાવવા માટે એક કમિટીની રચના કરવામાં આવી હતી. બુધવારે (૧૫ ઑક્ટોબર) નાયબ મામલતદાર દીપક ઝુરૈલ અને સીઓ કુલદીપ સિંહ ભારે પોલીસ બળ અને મહેસૂલ ટીમ સાથે બુલડોઝર લઈને સ્થળ પર પહોંચ્યા હતા. સીઓ કુલદીપ સિંહે સ્પષ્ટતા કરી કે, આ કાર્યવાહી કોર્ટના આદેશ મુજબ કરવામાં આવી છે. અગાઉ પણ ગેરકાયદે માળખું હટાવવાની કાર્યવાહી ચાલી રહી હતી અને હવે બાકીના ભાગને ધ્વસ્ત કરવામાં આવ્યો છે. કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સ્થળ પર ત્રણ પોલીસ સ્ટેશનોનો પોલીસ ફોર્સ અને પીએસી (PAC) તૈનાત કરવામાં આવી હતી, જેથી કોઈ પણ પ્રકારની અફવા ન ફેલાય અને શાંતિ જળવાઈ રહે. ધ્વસ્ત થયા બાદ મસ્જિદનો કાટમાળ પણ સ્થળ પરથી તાત્કાલિક હટાવી દેવામાં આવ્યો હતો.

## ભાષાનો વિવાદ વકર્યો

# તમિલનાડુમાં હિન્દી ફિલ્મો-ગીતો ઉપર રોકની તૈયારી

ચેન્નાઈ,

દક્ષિણ ભારતના તમિલનાડુમાં ભાષા વિવાદ વધતો જોવા મળી રહ્યો છે. મળતી માહિતી મુજબ, મુખ્યમંત્રી એમ. કે. સ્ટાલિનની આગેવાનીવાળી સરકાર વિધાનસભામાં હિન્દી ભાષા સામે બિલ રજૂ કરવા જઈ રહી છે. હાલ, આ વિશે કોઈ સત્તાવાર માહિતી સામે આવી નથી. પરંતુ, આ પહેલાં પણ DMK (દ્રવિડ મુન્નેત્પ રઝગમ) કેન્દ્ર સરકાર પર રાજ્યો પર હિન્દી ભાષા થોપવાનો આરોપ લગાવતી રહી છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, તમિલનાડુ સરકાર રાજ્યમાં હિન્દી ભાષા લાગુ કરવાની સામે બિલ રજૂ કરી શકે છે. આ સંબંધે કાયદાના જાણકારોની એક બેઠક બોલાવવામાં આવી હતી. આ બિલમાં તમિલનાડુ માં હિન્દી ભાષામાં હોર્ડિંગ, બોર્ડ, ફિલ્મ અને ગીતો પર રોક લગાવવાની વાત કહેવામાં આવી રહી છે. અધિકારીઓનું કહેવું છે કે, આ બિલ બંધારણના નિયમ હેઠળ લાવવામાં આવશે. અહેવાલો અનુસાર,



ડીએમકેના વરિષ્ઠ નેતા ટીકેએસ એલનગોવને કહ્યું કે, અમે બંધારણની વિરુદ્ધમાં કંઈ કરવા નથી ઈચ્છતા. અમે બંધારણનું પાલન કરીએ છીએ પરંતુ, હિન્દી થોપવાના વિરોધમાં છીએ.વળી, ભાજપ નેતા વિનોજ સેલ્વમે આ નિર્ણયને ખોટો જણાવ્યો છે. તેમણે કહ્યું કે, ભાષાનો રાજકીય હથિયારના રૂપે ઉપયોગ ન કરી શકાય. તિરૂપરણકુંદરમ, કરૂર તપાસ અને આર્મસ્ટ્રોન્ગ મુદ્દા પર કોર્ટમાં ઝટકો લાગ્યા બાદ ડીએમકે વિવાદિત ફોક્સકૉન રોકાણ મુદ્દે લોકોનું ધ્યાન ભટકાવવાનો પ્રયાસ કરી રહી છે. નોંધનીય છે કે, માર્ચમાં પણ એમ.કે સ્ટાલિન સરકારે રાજ્યના બજેટના રૂપિયાના ચિહ્નને બદલવાનો નિર્ણય લીધો હતો. જોકે, સરકારના આ નિર્ણય પર જોરદાર વિવાદ થયો હતો. ત્યારે ડીએમકેએ કહ્યું હતું કે, આ તમિળ ભાષાના પ્રચાર માટે કરવામાં આવ્યું છે.

# રેશન કાર્ડ હવે ઓળખ કે રહેઠાણના પુરાવા તરીકે માન્ય નહીં ગણાય

અમદાવાદ,

રાજ્યના લાખો રેશનકાર્ડ ધારકો માટે એક મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. ગુજરાત સરકારના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે, જે અંતર્ગત હવેથી રેશનકાર્ડનો ઉપયોગ ઓળખના પુરાવા (Identity Proof) કે રહેઠાણના પુરાવા (Address Proof) તરીકે કરી શકાશે નહીં. વિભાગ દ્વારા આ અંગે એક પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે, જેમાં સ્પષ્ટ જણાવાયું છે કે રેશનકાર્ડની માન્યતા હવે માત્ર રેશનકાર્ડ મેળવવા અને રાજ્ય સરકારની જાહેર વિતરણ વ્યવસ્થા (PDS) હેઠળ સબસિડીવાળું અનાજ મેળવવા પૂરતી જ સીમિત રહેશે.


સરકારના આ નિર્ણયને કારણે હવે બેંક ખાતું ખોલાવવું, મોબાઈલ સિમ કાર્ડ મેળવવું, કે સરકારી યોજનાઓનો લાભ લેવા જેવી વિવિધ સેવાઓ અને દસ્તાવેજો માટે રેશનકાર્ડ રજૂ કરી શકાશે નહીં. આ માટે નાગરિકોએ આધાર કાર્ડ, પાસપોર્ટ, ચૂંટણી કાર્ડ અથવા અન્ય માન્ય સરકારી દસ્તાવેજોનો ઉપયોગ કરવો પડશે. આ નિર્ણયનો હેતુ રેશનકાર્ડનો દુરુપયોગ અટકાવવાનો અને તેના મૂળ હેતુ—ગરીબ તથા જરૂરિયાતમંદ લોકોને અનાજનું વિતરણ સુનિશ્ચિત કરવાનું મનાય છે.

અમદાવાદની કોર્ટમાં ચોંકાવનારી ઘટના બની

# ફરિયાદીએ જજ પર ચાલુ સુનાવણીમાં ચપ્પલ ફેંક્યું

ફરિયાદીની સ્થાનિક પોલીસને જાણ કરી અટકાયત કરાઈ

સુનાવણીમાં ફરિયાદીએ જજ તરફ ફેંક્યું ચંપલ




અમદાવાદ,
ન્યાયની દેવીના મંદિરમાં જ ગરિમાને ઠેસ પહોંચાડતી એક ચોંકાવનારી ઘટના મંગળવારે અમદાવાદની સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટમાં બની હતી. ચાલુ સુનાવણી દરમિયાન એક ફરિયાદીએ રોષે ભરાઈને એડિશનલ પ્રિન્સિપલ જજ એમ.પી. પુરોહિત તરફ ચપ્પલ ફેંક્યું હતું.પ્રાથમિક માહિતી મુજબ, સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટના એડિશનલ પ્રિન્સિપલ જજ એમ.પી. પુરોહિતની કોર્ટમાં એક કેસની સુનાવણી ચાલી રહી હતી. આ દરમિયાન, કેસના એક ફરિયાદીએ અચાનક ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો અને પોતાનો કાબૂ ગુમાવી જજ તરફ ચપ્પલ ફેંક્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, ફરિયાદીની અપીલ કાઢી નાખવામાં આવી હોવાથી તેણે આ હરકત કરી હતી. ચપ્પલ ફેંકતા પહેલા ફરિયાદીની જજ સાથે બોલાચાલી પણ થઈ હોવાનું કહેવાય છે.

આ ચોંકાવનારી ઘટના બનતા જ કોર્ટરૂમમાં ચકચાર મચી ગઈ હતી. કોર્ટ સ્ટાફ અને સુરક્ષાકર્મીઓ તુરંત હરકતમાં આવ્યા હતા. ઘટના બાદ તાત્કાલિક સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે સ્થળ પર પહોંચીને જજ પર ચપ્પલ ફેંકનાર ફરિયાદીની અટકાયત કરી હતી.ઉલ્લેખનીય છે કે, ન્યાયતંત્રની ગરિમાને ખંડિત કરતી આ ઘટનાએ ન્યાયપાલિકામાં ચિંતા જગાવી છે. અગાઉ પણ અમદાવાદમાં કોર્ટની અંદર આ પ્રકારના બનાવો બની ચૂક્યા છે, જે દર્શાવે છે કે ન્યાય પ્રક્રિયામાં વિલંબ કે અસંતોષના કારણે લોકોમાં રોષ વધી રહ્યો છે. પોલીસે આ મામલે આગળની કાર્યવાહી હાથ ધરી છે અને આરોપી ફરિયાદી સામે કાયદાકીય પગલાં ભરવામાં આવશે.

આ નામોની જોરશોરથી થઈ રહી છે ચર્ચા

# મોદી-શાહ સાથેની બેઠક બાદ ગુજરાત મંત્રીમંડળના વિસ્તરણની તૈયારીઓ

## આગામી ગુરુવારે નવી કેબિનેટની જાહેરાતની શક્યતા



ગાંધીનગર,
દિવાળી પૂર્વે રાજકીય ગરમાવો વધ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, સીએમ અને પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલ, રત્નાકરજી વચ્ચે સોમવારે દિલ્હીમાં યોજાયેલી મેરેથોન બેઠક બાદ હવે ગુજરાત મંત્રીમંડળના વિસ્તરણની ચર્ચાઓ તીવ્ર બની છે. વિશ્વસનીય સૂત્રો મુજબ આગામી ગુરુવારે નવી કેબિનેટની જાહેરાત શક્ય છે. ભૂપેન્દ્ર પટેલ સરકારના મંત્રીમંડળમાં નવા ચહેરાઓને સ્થાન મળવાની પૂરી શક્યતા છે. સાથે જ, થોડા વર્તમાન મંત્રીઓને નવી જવાબદારી સાથે રાખવાની પણ તૈયારી છે.જયેશ રાદડિયા (જેતપુર, લેઉઆ પાટીદાર) અને જીતુભાઈ વાઘાણી (ભાવનગર દક્ષિણ, લેઉઆ પાટીદાર) પુનઃ મંત્રાલયમાં સ્થાન મેળવી શકે છે. તેમજ શંભુનાથ ટુંડિયા (ગઢડા, જીઝ) અને પ્રકાશ વરમોરા (ધ્રાંગધ્રા, ઉદ્યોગપતિ – પાટીદાર) નવા ચહેરા તરીકે ધ્યાન ખેંચી રહ્યા છે. પોરબંદરના અર્જુન મોઢવાડિયા (મેર – OBC) અને જામનગરના રીવાબા જાડેજા (ક્ષત્રિય) પણ ચર્ચાસ્પદ નામોમાં છે.

મધ્ય ગુજરાતમાંથી નિમિષા સુથાર (મોરવાહડફ, OBC) અને અર્જુનસિંહ ચૌહાણ (મહેમદાવાદ, ક્ષત્રિય) નાં નામ હાઈલાઈટ થઈ રહ્યા છે. બ્રાહ્મણ સમાજમાંથી અમિત ઠાકર (વેજલપુર), અમૂલ ભટ્ટ (અમદાવાદ મણિનગર) અને દર્શનાબેન વાઘેલા (અસારવા, SC) પણ સંભાવિત છે. દક્ષિણ ગુજરાતમાં દર્શના દેશમુખ (નર્મદા, ST), નરેશ પટેલ (ગણદેવી, ST) અને સંગીતા પાટીલ (લિંબાયત, સુરત, OBC)ના નામ મંત્રીમંડળના સંતુલનમાં મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યા છે. વિશ્વસનીય સૂત્રો મુજબ આગામી ગુરુવારે નવી કેબિનેટની જાહેરાત શક્ય છે. ભૂપેન્દ્ર પટેલ સરકારના મંત્રીમંડળમાં નવા ચહેરાઓને સ્થાન મળવાની પૂરી શક્યતા છે. સાથે જ, થોડા વર્તમાન મંત્રીઓને નવી જવાબદારી સાથે રાખવાની પણ તૈયારી છે.જયેશ રાદડિયા (જેતપુર, લેઉઆ પાટીદાર) અને જીતુભાઈ વાઘાણી (ભાવનગર દક્ષિણ, લેઉઆ પાટીદાર) પુનઃ મંત્રાલયમાં સ્થાન મેળવી શકે છે.

ઉત્તર ગુજરાતમાંથી પણ મોટા ફેરફારના સંકેત છે. શંકરભાઈ ચૌધરી (થરાદ), રમણલાલ વોરા (ઈડર, SC), જે.એસ. પટેલ (માણસા, કડવા પાટીદાર), વી.ડી. ઝાલા (હિંમતનગર, ક્ષત્રિય), સ્વરૂપજી ઠાકોર (વાવ), અલ્પેશ ઠાકોર (ગાંધીનગર ઉત્તર) અને સી.જે. ચાવડા (વિજાપુર) જેવા નેતાઓ મંત્રીપદ માટે ચર્ચામાં છે.

સૂત્રો કહે છે કે, નવી ટીમમાં મહિલાઓને પણ વિશેષ સ્થાન મળશે. બે મહિલા નેતાઓના નામ લગભગ નક્કી છે. ઉપરાંત, કેટલાક પૂર્વ કોંગ્રેસી નેતાઓને પણ સ્થાન આપવાની વિચારણા છે જેમણે છેલ્લા કેટલાક વર્ષોમાં ભાજપમાં જોડાયા હતા. બીજી તરફ, હાલના લગભગ પાંચ મંત્રીઓને જ પુનઃ સ્થાન મળવાની શક્યતા છે, પરંતુ તેમની જવાબદારીઓમાં ફેરફાર થઈ શકે છે. ભાજપ હાઈકમાન્ડે રાજ્ય નેતૃત્વને સ્પષ્ટ સંકેત આપ્યો છે કે, “નવા ચહેરા એવા હોવા જોઈએ જે લોકો સાથે સીધો સંપર્ક સાધી શકે અને દિવાળી પહેલાં જ નવા ઉત્સાહ સાથે મેદાનમાં ઉતરી જાય.” રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે, આવનાર સ્થાનિક સ્વરાજની ચૂંટણી તેમજ વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને આ વિસ્તરણમાં પ્રદેશીય, સામાજિક અને સંગઠનાત્મક સંતુલન જાળવવાનું કામ સૌથી મોટો પડકાર બનશે.

ભાવ વધારે હોવાથી લોકોએ ખરીદી ટાળી હતી

# વડોદરામાં પુષ્ય નક્ષત્રમાં સોના-ચાંદીની ચમક ઘટી

## ગત વર્ષની તુલનાએ સોના-ચાંદીના વેચાણમાં ૭૦ ટકા જેટલો ઘટાડો નોંધાયો




વડોદરા,
પુષ્ય નક્ષત્રમાં સોના-ચાંદીની ખરીદીનું ખૂબ મહત્વ છે. પરંતુ ચાલુ વર્ષે સોના ચાંદીનો ભાવ ઓલટાઈમ હાઈ હોવાથી વડોદરાની સોની બજારમાં પણ મંદી જોવા મળી હતી. ભાવ વધારે હોવાથી લોકોએ ખરીદી ટાળી હતી. આજે ૨૨ કેરેટ સોનાનો પ્રતિ ૧૦ ગ્રામ ભાવ ૧.૧૭ લાખ તથા ૨૪ કેરેટ સોનાનો પ્રતિ ૧૦ ગ્રામ ભાવ ૧.૩૦ લાખ તેમજ ચાંદી પ્રતિ કિલો ૧.૮૪ લાખ નોંધાયો હતો. વેપારીઓના જણાવ્યા પ્રમાણે, ગત વર્ષની તુલનાએ સોના-ચાંદીના વેચાણમાં આશરે ૫૦થી ૭૦ ટકા ટકા જેટલો ઘટાડો થયો છે. વધુ ભાવ હોવાથી ગ્રાહકોના બજેટ પર અસર વર્તાઈ છે. ગ્રાહકોએ તેમના બજેટમાં સીધો જ કાપ મૂકી માત્ર ઈન્વેસ્ટમેન્ટ તથા લગ્ન પ્રસંગ માટે અથવા શુકન સાચવવા ખરીદી કરી હતી. દિવસે ને દિવસે ભાવ આસમાને પહોંચી રહ્યા છે. ગ્રાહકોએ હજુ આ વધુ ભાવને માન્યતા આપી નથી. જેથી બજારમાં મંદીનો માહોલ છે. એસોસિએશનના પ્રેસિડેન્ટ મિત્તલ ગીયાનું કહેવું છે કે, ગત વર્ષની સરખામણીએ આ વર્ષે માત્ર ૩૦ ટકા વેપાર થયો છે. સોના ચાંદીની લગડી અને લગ્ન સિઝન માટે દાગીનાની ખરીદી થઈ છે. મોટા દેશોમાં આર્થિક મંદી તથા વૈશ્વિક ઉથલપાથલને ધ્યાને લેતા લોકો મેટલમાં ઈન્વેસ્ટ કરવા ઉપર વિશ્વાસ મૂકી રહ્યા છે. વધુ ભાવ હોવાથી ગ્રાહકોના બજેટ પર અસર વર્તાઈ છે. ગ્રાહકોએ તેમના બજેટમાં સીધો જ કાપ મૂકી માત્ર ઈન્વેસ્ટમેન્ટ તથા લગ્ન પ્રસંગ માટે અથવા શુકન સાચવવા ખરીદી કરી હતી. દિવસે ને દિવસે ભાવ આસમાને પહોંચી રહ્યા છે. ગ્રાહકોએ હજુ આ વધુ ભાવને માન્યતા આપી નથી. જેથી બજારમાં મંદીનો માહોલ છે. એસોસિએશનના પ્રેસિડેન્ટ મિત્તલ ગીયાનું કહેવું છે કે, ગત વર્ષની સરખામણીએ આ વર્ષે માત્ર ૩૦ ટકા વેપાર થયો છે. ચાઈના સોનુ અને ચાંદી ખરીદી ઉપર વધુ ભાર મૂકી રહ્યું છે. તેમજ ચાંદીનો ઈન્ડસ્ટ્રીયલ ઉપયોગ વધી રહ્યો છે. મોટાભાગના દેશો નોન પોલ્યુશન તરફ વળતા ઈલેક્ટ્રીક વાહનોનું ઉત્પાદન વધી રહ્યું છે. જેથી બેટરીમાં તથા સોલાર પેનલમાં ચાંદીના ઉપયોગથી ચાંદીની ડિમાન્ડ ખૂબ વધી છે. જેથી ચાંદીની આવક ઘટતા ભાવ વધી રહ્યા છે.

# ગિરનાર મંદિરમાં તોડફોડનો પર્દાફાશ પૂજારી જ નીકળ્યો સૂત્રધાર, બેની ધરપકડ

જૂનાગઢ,
ગિરનાર પર્વત પર અંદાજે ૫,૫૦૦ પગથિયાં નજીક આવેલા ગુરુ ગૌરક્ષનાથ મંદિરમાં તા. ૪ ઓક્ટોબરની રાત્રે થયેલી મૂર્તિ તોડવાની શરમજનક ઘટનાનો જૂનાગઢ પોલીસે ભેદ ઉકેલી નાખ્યો છે. આ ચોંકાવનારી ઘટનાનો માસ્ટરમાઈન્ડ બીજું કોઈ નહીં પણ મંદિરનો જ પગારદાર સેવાદાર (પૂજારી) નીકળ્યો. પોતાની કમાણી વધારવા અને લાઈમલાઈટમાં આવવા માટે તેણે આ ઘૃણાસ્પદ ષડયંત્ર રચ્યું હતું.પોલીસે આ કેસમાં મૂળ મહારાષ્ટ્રના અને છેલ્લા અઢી વર્ષથી જૂનાગઢમાં રહેતા પગારદાર સેવાદાર કિશોર કુકરેજા અને તેના સાથીદાર રમેશ ભટ્ટની ધરપકડ કરી છે.જૂનાગઢ એસપી સુબોધ ઓડેદરાએ જણાવ્યું હતું કે, ગંભીર ઘટના બાદ ગિરનાર રૂટ, રોપ-વે અને અન્ય જગ્યાઓના કુલ ૧૫૬ જેટલા સીસીટીવી ફૂટેજ ચેક કરાયા હતા. આ માટે ૧૦ ટીમો અને ખાસ નેત્રમ ટીમને કામે લગાડવામાં આવી હતી.તપાસ દરમિયાન પોલીસે ઘટનાસ્થળની મુલાકાત લીધી ત્યારે કેટલીક શંકાસ્પદ બાબતો સામે આવી હતી. મંદિરનો કાચ એક બાજુથી તોડવામાં આવ્યો હતો, પરંતુ ૫૦ કિલો વજનની મૂર્તિ તૂટેલા કાચમાંથી નીકળવી શક્ય નહોતી. પોલીસે આ શંકા દૂર કરવા એફએસએલ (ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી) ની મદદ લીધી. જેવો કાચ તોડાયો હતો, તેવો જ નવો કાચ લગાવી અને તેટલા જ વજનની બીજી મૂર્તિ મંગાવીને સમગ્ર ઘટનાનો ડેમો કરવામાં આવ્યો. ડેમોમાં સાબિત થયું કે, મૂર્તિને કાચ તોડીને બહાર કાઢવી અત્યંત મુશ્કેલ હતી.આ બાબતે પોલીસની શંકા દૃઢ બની કે આ કૃત્ય અંદરના કોઈ વ્યક્તિનું જ છે.

કેશોદનાં ગૃહિણી સામે ૨ અને તેના પતિ સામે ૩ ફરિયાદ

# ‘બંટી-બબલી’એ અનેકને શીશામાં ઉતારી લાખો રૂપિયા ખંખેરી લીધા




જૂનાગઢ,
કેશોદમાં રહેતા બંટી બબલી દંપતિએ લોકોને વિઝા અપાવવા, સસ્તામાં ભંગાર અપાવવા તેમજ મેડિકલ સ્ટોર ખોલાવી આપવા કહી લોકો પાસેથી પૈસા લાખો રૂપિયા ખંખેર્યા હતા. આ મામલે ફરિયાદ થતા પોલીસે છેતરપિંડીનો ગુનો દાખલ કરી આ બંટી-બબલી દંપતીને સકંજામાં લઈ વધુ કાર્યવાહી હાથ ધરી છે.કેશોદના માંગરોળ રોડ પર આવેલા બરસાના સોસાયટીમાં રહેતા અને પ્રોવિઝન સ્ટોર ધરાવતા અશ્વિનભાઈ દેવરાજભાઈ ઉસદડીયાને તેના પાડોશમાં રહેતા રાજ સુરેશ કુંભાણી અને તેના પત્ની હેનિશા ઉર્ફે હેલીબેન રાજ કુંભાણી પાડોશીના નાતે સબંધ હતા. આ દંપતિ અમદાવાદ, સુરત બાજુ જતા રહે છે. રાજ કુંભાણી વિદેશમાં જઈ આવ્યો છે. જાન્યુ. ૨૦૨૫માં રાજ કુંભાણી અને તેના પત્ની હેનિશાબેને અશ્વિનભાઈને તેના પુત્ર રઘુને આફ્રિકા મોકલવા અને ત્યાં નોકરી મળશે અને સારા પૈસા કમાઈ શકશે. અમે આળિકાના વિઝા કઢાવી આપીશ, કઈ ખર્ચ થશે તે આપણે લખતા જઈશું એમ કહ્યું હતું. રાજ કુંભાણી અને તેના પત્નીએ રઘુના વિઝા કરાવી આપવાના નામે અશ્વિનભાઈ પાસેથી રોકડા અને ઓનલાઈન મળી કુલ ૧૯.૫૨ લાખ રૂપિયા ખંખેરી લીધા હતા ત્યાર બાદ કોઈ ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું. ઈન્ડિયન એમ્બેસીમા તપાસ કરતા ત્યાં કોઈ આવો વિઝા લેટર ન આવ્યો હોવાનું જાણવા મળ્યુ હતું. આ અંગે આજે અશ્વિનભાઈ ઉસદડીયાએ રાજ સુરેશ કુંભાણી અને તેની પત્ની હેનિશાબેન ઉર્ફે હેલીબેન કુંભાણી સામે ફરિયાદ કરતા પોલીસે છેતરપિંડીનો ગુનો દાખલ કર્યો છે.દરમિયાન, માંગરોળ રોડ પર રહેતા ભાવેશભાઈ ઉકાભાઈ કોટડીયાએ રાજ સુરેશ કુંભાણીએ સસ્તામાં લોખંડનો ભંગાર આપવાની લાલચ દઈ અલગ-અલગ સમયે કુલ ૨.૭૩ લાખ ટ્રાન્સફર કરાવી લીધા હતા. ભંગાર કે પૈસા આપ્યા ન હતા. પેંતરાના એક અન્ય કિસ્સામાં, સતિષભાઈ પ્રવિણભાઈ કાપડીયાને રાજ સુરેશ કુંભાણી અને તેની પત્ની હેનિશા ઉર્ફે હેલી રાજ કુંભાણીએ કેશોદમાં મેડિકલ સ્ટોર ખોલવાની લાલચ આપી ઓનલાઈન કુલ ૨ લાખ રૂપીયા ટ્રાન્સફર કરાવી લઈ છેતરપિંડી કરી હતી. આ મામલે ફરિયાદ થતા કેશોદ પોલીસે આ બંટી-બબલી દંપતિને સકંજામાં લઈ વધુ કાર્યવાહી હાથ ધરી છે.

રિક્ષામાં આવેલા તસ્કરોએ ૫૦ હજાર ચોરી લીધા

# ફોનમાંથી રિક્ષા બુક કરવાનું કહીને શખ્સે લાફો મારી લૂંટી લેતા આધેડને લકવા થયો

દિવાળી ટાણે રિક્ષાચાલકના સ્વાંગમાં ફરતા ગઠિયા પોલીસના નાક નીચે સક્રિય - કાલુપુર, ખાડિયા, હવેલી વિસ્તાર ગુનેગારોનો સોફ્ટ ટાર્ગેટ



અમદાવાદ,
દિવાળી ટાણે શહેરની કાલુપુર, ખાડિયા અને હવેલી પોલીસના નાક નીચે રિક્ષાચાલકના સ્વાંગમાં ફરતા લૂંટારુઓ ફરી એક વાર સક્રિય બન્યા છે. એક આધેડ સેલ્સમેન રિક્ષા સ્ટેન્ડ પર ઊભા હતા ત્યારે એક શખ્સ તેમની પાસે આવ્યો હતો. તેણે આધેડને મોબાઈલથી રિક્ષા બુક કરાવી આપવાનું કહેતા આધેડે મનાઈ કરી હતી. જેથી શખ્સે ઉશ્કેરાઈને આધેડના ખિસ્સામાંથી ફોન અને રોકડા લૂંટી લીધા હતા. બાદમાં લાફો મારીને વધુ કંઈ હોય તો આપી દેજે તેમ કહીને ધક્કો મારીને ભાગી ગયો હતો. આ ઘટનાના કારણે આધેડને શરીરના જમણી બાજુના અંગમાં લકવા થઈ જતા તે ગભરાઈને ઘરે જતા રહ્યા હતા. બાદમાં પોલીસને જાણ કરતા કાલુપુર પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. નરોડાની આનંદનગર સોસાયટીમાં રહેતા ૫૩ વર્ષીય હાસાનંદ સાધનાની પાંચકુવા પાસે આવેલા માર્કેટમાં સેલ્સમેન તરીકે નોકરી કરે છે. ગત શનિવારની રાત્રે હાસાનંદ નોકરી પૂરી કરીને ઘરે જવા નીકળ્યા હતા. કાલુપુર રેલવે સ્ટેશનની સામે રિક્ષા સ્ટેન્ડ પાસે ઊભા હતા. ત્યારે ત્યાં આવેલા એક શખ્સે હાસાનંદ પાસે મોબાઈલ ફોન માગીને ફોનથી રિક્ષા બુક કરાવી આપવાનું કહેતા હાસાનંદે મનાઈ કરી હતી. શખ્સની વાત સાંભળીને હાસાનંદે મારે કોઈ રિક્ષા નથી કરાવવી તેમ કહ્યું હતું. જેથી શખ્સે બળજબરીપૂર્વક હાસાનંદના પેન્ટના ખિસ્સામાંથી મોબાઈલ અને રોકડા સહિત કુલ રૂ. ૫૪૦૦ની મતા લૂંટી લીધી હતી. શખ્સે હાસાનંદને લાફો મારીને તારી પાસે જે કાઈ પણ હોય તે આપી દે નહીં તો તને જાનથી મારી નાખીશ તેમ કહીને ધમકી આપી હતી. આ ઘટનાના કારણે હાસાનંદને શરીરના જમણી બાજુના અંગમાં લકવા થઈ જતા તે ગભરાઈને ઘરે જતા રહ્યા હતા. હાસાનંદે તેમના દીકરાને આ બાબતે વાત કરતા આખરે કાલુપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ તેજ કરી છે.જગુદણ ગામમાં રહેતા વિષ્ણુ પ્રજાપતિ સાયકલ રિપેરિંગની દુકાન ધરાવે છે. બે દિવસ પહેલા તે મહેસાણાથી અમદાવાદ ખાતે સાયકલના સ્પેરપાર્ટ ખરીદી કરવા માટે ૫૦ હજાર રૂપિયા લઈને આવ્યા હતા. વિષ્ણુભાઈ સુભાષ બ્રિજથી રિક્ષામાં બેસીને કાલુપુર જવા માટે નીકળ્યા ત્યારે રિક્ષામાં અગાઉથી બેઠેલા ગઠિયાઓએ સરખું બેસતા ફાવતુ નથી તેમ કહીને પોલીસ હેડ ક્વાટરની સામે વિષ્ણુભાઈને ઉતારી દીધા હતા. વિષ્ણુભાઈએ ખિસ્સા તપાસતા ૫૦ હજાર રૂપિયા ચોરી થયા હતા. માધવપુરા પોલીસે રિક્ષા ચાલક અને તેની ગેંગ વિરુદ્ધ ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

# નડિયાદમાં સગીર દીકરીની આબરૂ લેવાની કોશિશ કરનારા પિતાને ૫ વર્ષ કેદની સજા

નડિયાદ,
નડિયાદમાં દોઢ વર્ષ પહેલાં જન્મદિવસ નિમિત્તે મોબાઈલ ગિફ્ટ આપવાની લાલચ આપી સગા બાપે સગીરાની આબરૂ લેવાનો પ્રયાસ કર્યો હતો. આ કેસમાં આરોપીને નડિયાદ કોર્ટે આજે પાંચ વર્ષની કેદની સજા ફટકારી છે. કોર્ટે આરોપીને ૧૭,૦૦૦ રૂપિયાનો દંડ પણ કર્યો છે. ભોગ બનનાર કિશોરીને ગુજરાત સરકારના નોટિફિકેશન મુજબ એક લાખ રૂપિયા વળતર ચૂકવવાનો આદેશ પણ કર્યો છે.નડિયાદના એક વિસ્તારમાં રહેતા શખ્સે તા. ૨૯મી માર્ચ, ૨૦૨૪ના રોજ રાત્રીના આશરે ૧ વાગ્યાના સુમારે પોતાની જ સગી દિકરી (ઉં.વ. ૧૫ વર્ષ ૬ માસ)ને તેના જન્મદિવસે મોબાઈલ ગિફ્ટમાં આપવાની લાલચ આપી હતી.ઘટનામાં વચ્ચે પડેલા વ્યક્તિને છરી બતાવી ધમકી આપી હતી : આરોપીને ૧૭ હજારનો દંડ અને પીડિતાને ૧ લાખ વળતર ચૂકવવા આદેશ ત્યારબાદ પિતાએ દિકરીનો હાથ ખેંચી ખોળામાં બેસાડી આબરૂ લેવાની કોશિશ કરી હતી. આ બનાવ દરમિયાન વચ્ચે પડેલા વ્યક્તિને માર મારી છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ બનાવ અંગે નડિયાદ શહેર પોલીસ મથકે આરોપી પિતા વિરુદ્ધ પોક્સો એક્ટ અન્વયે ગુનો નોંધાયો હતો. દરમિયાન આ કેસ આજે નડિયાદના ત્રીજા એડી. ડિસ્ટ્રીક્ટ અને સ્પે. જજ (પોક્સો) પી.પી. પુરોહિતની કોર્ટમાં ચાલી ગયો હતો. ફરિયાદ પક્ષે કોર્ટમાં રજૂ કરેલા દસ્તાવેજી પુરાવા, મૌખિક પુરાવા, ભોગ બનનારની સોગંદ ઉપરની જુબાની અને સરકારી વકીલની દલીલોને ધ્યાને લઈ કોર્ટે આરોપીને કસૂરવાર ઠેરવ્યો હતો અને તેને ૫ વર્ષની કેદ અને ૧૭,૦૦૦ રૂપિયા દંડની સજા ફટકારતો હુકમ કર્યો હતો. આ સાથે જ કોર્ટે ભોગ બનનાર કિશોરીને ગુજરાત સરકારના નોટિફિકેશન મુજબ એક લાખ રૂપિયા વળતર ચૂકવવાનો આદેશ પણ કર્યો છે.

દિવાળીએ ગુજરાત સરકારનો મોટો નિર્ણય

# રાત્રે ૮ થી ૧૦ દરમિયાન ફટાકડા ફોડી શકાશે

ગાંધીનગર,
ગુજરાત સરકારે દિવાળી પહેલા મોટો નિર્ણય લીધો છે. સુપ્રીમ કોર્ટના આ દેશને પગલે રાજ્ય સરકારે વિદેશી કે ચાઈનીઝ ફટાકડા પર પ્રતિબંધ મૂક્યો છે. જાહેર જગ્યાઓ ઉપર પણ ફટાકડા નહીં ફોડી શકાય એ પ્રકારની ગાઈડલાઈન જાહેર કરી છે. રાજ્યમાં આ દિવાળીએ ચાઈનીઝ ફટાકડાનું વેચાણ નહિ કરી શકાય. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ રાજ્ય સરકારે નિર્ણય લીધો છે. વિદેશથી ફટાકડાની આયાત પણ નહીં કરાવી શકાય. સુપ્રીમ કોર્ટે ભારે ઘોંઘાટ કરતા ફટાકડા પર પ્રતિબંધ મૂક્યો છે. જાહેરમાં ફટાકડા ન ફોડવા મુદ્દે પણ માર્ગદર્શિકા જાહેર કરાઈ છે. જે મુજબ, રાત્રે ૮થી ૧૦ વાગ્યા દરમિયાન જ ફટાકડા ફોડી શકાશે. દિવાળી દરમિયાન જાહેરમાં ફટાકડા ફોડવા બાબતે સૂચનાઓ જાહેર કરાઈ છે. ગૃહ વિભાગે જાહેરમાં ફટાકડા ફોડવા બાબતે સૂચનાઓ જાહેર કરી છે. સુપ્રીમ કોર્ટના નિર્દેશ મુજબ નિશ્ચિત સમયમાં જ ફટાકડા ફોડી શકાશે. રાત્રે ૮ થી ૧૦ દરમિયાન ફટાકડા ફોડી શકાશે. વધુ ઘોંઘાટ કરતા ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મૂકાયો છે. તેમજ ફટાકડા ઈ કોમર્સ વેબસાઈટ પર પણ વેચાણ નહિ થઈ શકે. સરકારની શું છે ગાઈડલાઈન ૧. સુપ્રિમ કોર્ટ દ્વારા ગ્રીન તથા માન્યતા પ્રાપ્ત ફટાકડા કે જે ઓછા એનિશન ઉત્પન્ન કરે છે તેનાં ઉત્પાદન અને વેચાણની પરવાનગી આપવામાં આવેલ છે. આ સિવાયનાં તમામ પ્રકારનાં ફટાકડાનાં ઉત્પાદન અને વેચાણ પર નામ.સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

૨. ભારે ઘોંઘાટવાળા ફટાકડા સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક હોવાથી તથા વધુ પ્રમાણમાં હવાનું પ્રદુષણ અને ઘન કચરો પેદા કરતાં બાંધેલા ફટાકડા પર સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

૩. ફટાકડાનું વેચાણ માત્ર લાયસન્સધારક વેપારીઓ દ્વારા કરવાનું રહેશે. આ વેપારીઓએ સુપ્રિમ કોર્ટનાં આદેશ મુજબ માન્ય રાખવામાં આવેલ ફટાકડાઓનું જ પેચાણ કરવાનું રહેશે. ૪. ઉપરાંત તમામ - કોમર્સ વેબસાઈટને ઓનલાઈન તમામ પ્રકારનાં ફટાકડાના વેચાણ પર પ્રતિબંધ મુકેલ છે.૫. ફટાકડા બનાવવા માટે બેરીયમનાં ઉપયોગ પર સુપ્રિમ કોર્ટે પ્રતિબંધ મુકેલ છે.

C.M.Y.K.

૧.૬૩ લાખમાં મળવાની હતી કિલો ચાંદી

# અમદાવાદના જાણીતા જ્વેલર્સને પેપરમાં જાહેરાત આપવી ભારે પડી!




અમદાવાદ,

દિવાળીના તહેવારોની સિઝન અને વૈશ્વિક બજારમાં ચાંદીના વધતા ભાવોને કારણે અમદાવાદ સહિત અનેક શહેરોમાં સોના-ચાંદીના ભાવ દિવસેને દિવસે ઉંચકાઈ રહ્યા છે, બીજી બાજુ સોના કરતા પણ ચાંદીની ડિમાન્ડમાં જોરદાર ઉછાળો જોવા મળી રહ્યો છે. હાલમાં જ શહેરના એક જાણીતા જ્વેલર્સને પેપરમાં જાહેરાત કરવી ભારે પડી હોવાનો કિસ્સો સામે આવ્યો છે. જ્વેલર્સની જાહેરાત બાદ દુકાને પહોંચેલા ગ્રાહકોને ચાંદી ન મળતા તેમણે હોબાળો મચાવ્યો હતો. જોકે, જ્વેલર્સે પેપરમાં આપેલી જાહેરાતમાં ઉલ્લેખ કર્યો હતો કે સ્ટોક હશે ત્યાં સુધી આ જાહેરાતનો લાભ મળશે.આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, શહેરમાં ચાંદીની વધતી માંગ વચ્ચે એક અગ્રણી જ્વેલર્સ દ્વારા અખબારમાં જાહેરાત આપવામાં આવી હતી કે ચાંદી પ્રતિ ગ્રામ ૧.૬૩ લાખ (પ્લસ GST)ના ભાવે ઉપલબ્ધ છે. આ જાહેરાત વાંચીને મોટી સંખ્યામાં ગ્રાહકો ચાંદીના બિસ્કિટ અથવા લગડી ખરીદવા માટે જ્વેલર્સના શોરૂમ પર પહોંચ્યા હતા. જોકે, ગ્રાહકોને સ્ટોરમાં ચાંદીના બિસ્કિટ કે લગડી મળી ન હતી, જેના પગલે ગ્રાહકોમાં ભારે રોષ ફેલાયો હતો. તેમને લાગ્યું કે જ્વેલર્સે ભ્રામક જાહેરાત આપીને તેમને બોલાવ્યા છે. થોડી જ વારમાં મામલો ગરમાયો અને ગ્રાહકોએ જ્વેલર્સના શો-રૂમમાં ભારે હોબાળો મચાવ્યો.વધતા હોબાળા અને અંકુશ બહાર જઈ રહેલી પરિસ્થિતિને જોતા, જ્વેલર્સ દ્વારા તાત્કાલિક પોલીસ કંટ્રોલ રૂમમાં જાણ કરવામાં આવી હતી. માહિતી મળતા જ પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી.

પોલીસે સ્થિતિ સંભાળીને ગુસ્સે ભરાયેલા ગ્રાહકોને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો અને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. ઘટનાને પગલે બજારમાં ચાંદીની સપ્લાય અને ભાવને લઈને ફરી એકવાર ચર્ચા જાગી છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક સમયથી ચાંદીના ભાવોમાં સતત વધારો થઈ રહ્યો છે, જેના કારણે સ્ટોક જાળવવામાં વેપારીઓને પણ મુશ્કેલી પડી રહી છે. જોકે, જ્વેલર્સે પેપરમાં આપેલી જાહેરાતમાં ઉલ્લેખ કર્યો હતો કે સ્ટોક હશે ત્યાં સુધી આ જાહેરાતનો લાભ મળશે. જોકે, લોકોને ચાંદી ના મળતા હોબાળો મચાવ્યો હતો.

મોટા બાળકોને આપવાની સિરપ નાના બાળકોને પીવડાવી દીધી

# ડભોઈ સિરપ કાંડઃ ઝોલાછાપ ડોક્ટર બીજી વાર પકડાયો

## કફ સિરપ લેવાથી બે માસૂમ બાળકોને આડઅસર થઈ




વડોદરા,

મધ્યપ્રદેશમાં સિરપ કાંડ જેવો જ એક મામલો તાજેતરમાં વડોદરાના ડભોઈ ખાતે સામે આવ્યો હતો. જ્યાં કફ સિરપ લેવાથી બે માસૂમ બાળકોને આડઅસર થઈ હતી, ત્યારે આ ઘટનાને રાજ્યના આરોગ્ય તંત્રએ ગંભીરતાથી લઈને પ્રાથમિક તપાસ બાદ બાળકોને સિરપ આપનાર તબીબ ડો. અશ્વિન પનોત સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે અને આ મામલે તપાસ કરતા અગાઉ વર્ષ ૨૦૧૭માં પણ તેની સામે નકલી ડોક્ટર તરીકે પ્રેક્ટિસ કરવાનો ગુનો નોંધાયેલો હોવાનો ઘટસ્ફોટ થયો છે.

વિગતવાર વાત કરીએ તો, થોડા સમય અગાઉ મધ્યપ્રદેશમાં એક કફ સિરપના કારણે કેટલાય માસૂમ બાળકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો, ત્યારે વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકામાં ઘટેલી એક ઘટનાએ મધ્યપ્રદેશના એ સિરપ કાંડની યાદ તાજા કરાવી દીધી છે. ડભોઈ તાલુકામાં મજૂરી અર્થે આવેલા સીતપુર ગામના એક શ્રમિક પરિવારના બે નાના બાળકોને ખાંસી તથા આ પરિવારે ધરમપુરી ગામે ડો. અશ્વિન પનોતના ક્લિનિક પર બંને બાળકોની સારવાર કરાવી હતી.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું કે, સારવાર માટે ડો. અશ્વિન પનોતે ૭ વર્ષ કરતા મોટી ઉંમરના બાળકોને આપવાની દવા ૬ વર્ષથી નાની ઉંમરના બાળકોને આપી હતી. જેથી આ સિરપની આડઅસર થઈ હતી. સિરપ તેમજ દવાઓ લીધા બાદ અચાનક બંને બાળકોની તબિયત લથડતા તેમને ડભોઈની પ્રમુખ સ્વામી હોસ્પિટલમાં ICU વોર્ડમાં દાખલ કરવાની ફરજ પડી હતી. જોતજોતામાં આ વાત સમગ્ર પંથકમાં પ્રસરી જતા જિલ્લાનું આરોગ્ય તંત્ર દોડતું થયું હતું તેમજ તબીબના રહેઠાણ તેમજ ક્લિનિક પર ઝીણવટભરી તપાસ આરંભી હતી, ત્યારે આ તપાસમાં બાળકોને દવા આપનાર ડો. અશ્વિન પનોત ઝોલાછાપ એટલે કે નકલી હોવાનું સામે આવ્યું છે.

ઘટનાને ગંભીરતાથી લઈ જિલ્લાના આરોગ્ય વિભાગે સ્થળ તપાસ કરતા આ તબીબ અશ્વિન પનોત માત્ર ૧૨માં ધોરણ સુધી જ ભણેલો હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો હતો. ધોરણ ૧૨મું પાસ અશ્વિન પનોત સામે અગાઉ વર્ષ ૨૦૧૭માં નકલી ડોક્ટર તરીકે પ્રેક્ટિસ કરવાનો ગુનો દાખલ થયો હતો અને હવે ફરી વર્ષ ૨૦૨૫માં તેના દ્વારા આપવામાં આવેલી દવાને કારણે બે બાળકોના જીવ જોખમમાં મુકાતા હતા.

સમગ્ર મામલે જિલ્લા આરોગ્ય અધિકારી વડોદરા ગ્રામ્ય ડૉ. મીનાક્ષી ચૌહાણે જણાવ્યું કે, ડો. અશ્વિન પનોત દ્વારા બાળકોને અપાયેલા આ સિરપનું નામ સોડેક્ષ ડી.એસ. સિરપછે. જે તાજેતરમાં ગુજરાતમાં પ્રતિબંધ કરાયેલ શેપ ફાર્માની રિલાઈફ સિરપ કે પછી રેન્ડેક્સ ફાર્મામાં બનતી રેસ્પીફ્રેશ ટીઆર સિરપથી અથવા તો ભારત સરકાર દ્વારા પ્રતિબંધિત કરાયેલી સિરપની શ્રેણીમાં આવતી નથી. છતાં પણ આ સિરપ અને અન્ય દવાઓ લીધા બાદ બે બાળકોની તબિયત શા માટે બગડી તે અંગે તપાસ ચાલી રહી છે. હાલની માહિતી મુજબ, જિલ્લા આરોગ્ય તંત્ર તરફથી આરોગ્ય અધિકારીએ આ તબીબ સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે, જેથી પોલીસે મ્દ્રજીની કલમ ૧૨૫ મુજબ તેમને મેડિકલ પ્રેક્ટિસ એક્ટ હેઠળ તબીબને નોટિસ ફટકારી તપાસ અર્થે બોલાવ્યા છે. પોલીસે તપાસ કરતા હાલ આ તબીબ પાસેથી ડિગ્રી કે સર્ટિફિકેટ મળી આવ્યા નથી, તંત્રની તપાસમાં આ તબીબના ક્લિનિક પરથી ખૂબ મોટી માત્રામાં દવાનો જથ્થો મળી આવ્યો છે. તબીબ દ્વારા આપવામાં આવેલી સિરપને પણ વૈજ્ઞાનિક પ્રશિક્ષણ માટે સરકારી લેબોરેટરીમાં મોકલી આપવામાં આવી છે, તેમ હ્રઅજીઁ આકાશ પટેલે ઉમેર્યુ હતું.

ગ્રામજનોએ કર્યો ઉગ્ર વિરોધ

# ડભોઈ તાલુકાના ૪ ગામને નગરપાલિકામાં સમાવેશ કરવાનો ઠરાવ કરાયો



ભારે સૂત્રોચાર સાથે ગામના લોકોએ કર્યું વિરોધ પ્રદર્શન

ડભોઈ,

આજે એપીએમસી ગ્રાઉન્ડથી તાલુકા સેવાસ સુધી ભારે સૂત્રોચાર સાથે મોટી સંખ્યામાં ગ્રામજનોએ વિરોધ પ્રદર્શન નોંધાવ્યું હતું. મોટી સંખ્યામાં સેવાસદનમાં ૪ ગામના ગ્રામજનો એકત્ર થતા આવેદનપત્ર સ્વીકારવા મામલતદારને બહાર આવવું પડ્યું હતુંવડોદરાના ડભોઈ તાલુકાના ચાર ગામ વેગા, કજાપુર, તરસાણા, ટીંબી ગામનો સમાવેશ નગરપાલિકામાં કરવા માટે ડભોઈ નગર પાલિકા દ્વારા ઠરાવો પ્રસાર કરવામાં આવ્યો હતો, જેને લઈ ૪ ગામના સરપંચ, સભ્યો, મહિલાઓ સહિત મોટી સંખ્યામાં લોકો એપીએમસી ગ્રાઉન્ડ ઉપર ભેગા થઈ સાથે કોંગ્રેસના આગેવાનો અને સાથે રાખી ભાજપની તાનાશાહી સરકાર સામે બાયો ચડાવી હતી. તમામ ગ્રામ પંચાયતોએ અસહમતનો ઠરાવ પાસ કર્યોઆજે એપીએમસી ગ્રાઉન્ડથી તાલુકા સેવાસ સુધી ભારે સૂત્રોચાર સાથે મોટી સંખ્યામાં ગ્રામજનોએ વિરોધ પ્રદર્શન નોંધાવ્યું હતું. મોટી સંખ્યામાં સેવાસદનમાં ૪ ગામના ગ્રામજનો એકત્ર થતા આવેદનપત્ર સ્વીકારવા મામલતદારને બહાર આવવું પડ્યું હતું. ૪ ગ્રામ પંચાયત દ્વારા સરપંચ તેમજ ગ્રામસભાઓ બોલાવીને ગ્રામજનોની રૂબરૂમાં તમામ ગ્રામ પંચાયતોએ અસહમતનો ઠરાવ પાસ કર્યો હતો. પરંતુ નગરપાલિકાના સામાન્ય સભામાં પોતાની બહુમતી ધરાવતા ૪ ગામને નગરપાલિકામાં સમાવેશ કરવા માટે ઠરાવ પાસ કરી દેવામાં આવ્યો છે, જેનો ઉગ્ર વિરોધ આજે ૪ ગામની જનતા રોડ ઉપર ઉતરી ભારે સૂત્રોચાર કરી ભાજપ હાય હાયના નારા લગાવ્યા હતા અને અહીંયા કોઈ નહીં સાંભળે તો ઉગ્ર આંદોલનની ચીમકી પણ ૪ ગામના ગ્રામજનોએ તેમજ કોંગ્રેસના આગેવાનોએ ઉચ્ચારી હતી.બે દિવસ પહેલા જ ડભોઈના ધારાસભ્યે પોતાના વિરોધીઓને રાવણ સાથે સરખાવ્યા હતા. ચાંદોદમાં માતાજીના કાર્યક્રમમાં ભાજપના ધારાસભ્ય શૈલેષ મહેતાએ પોતાના વિરોધીઓને રાવણ સાથે સરખાવ્યા હતા. ધારાસભ્ય શૈલેષ મહેતાએ કહ્યું હતું કે વિકાસમાં હાડકા નાખનારા રાવણોનો વધ કરી શકું તેવી માતાજી શક્તિ આપે. સારું કામ કરતા હોય ત્યારે યજ્ઞમાં હાડકા નાખનારા રાવણ બહુ આવે છે. આપણા શત્રુ હોય, હિત શત્રુ હોય તેનો માતા નાશ કરે.

એક દિવસમાં બે મહિલાઓના મોત, તંત્ર દોડતું થયું!

# એક ૩૪ વર્ષીય મહિલાનું ટાઈફોડના કારણે મોત થયું



સુરત,

સુરત શહેરમાં રોગચાળાએ ભયંકર સ્વરૂપ ધારણ કર્યું છે. એક જ દિવસમાં રોગચાળાના કારણે બે મહિલાના કરૂણ મોત નિપજતા સુરતનું આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે અને શહેરભરમાં ચિંતાનો માહોલ ફેલાયો છે. આ ઘટનામાં સુરતના પાંડેસરા વિસ્તારમાં રહેતી એક ૩૪ વર્ષીય મહિલાનું ટાઈફોડના કારણે મોત થયું હોવાનું સામે આવ્યું છે. મૃતક મહિલાના પરિવારે જણાવ્યું કે તેમને તાવ આવતા શરૂઆતમાં ઝોલાછાપ (બિન-અધિકૃત) તબીબ પાસે સારવાર કરાવી હતી. મહિલાની સારવાર છેલ્લા પાંચ દિવસથી ચાલી રહી હતી, પરંતુ તબિયતમાં સુધારો થવાને બદલે વધુ લથડી હતી.

પરિણામે, પરિવારે મહિલાને તાત્કાલિક સુરતની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવાનો નિર્ણય લીધો હતો. જોકે, કમનસીબે સિવિલ હોસ્પિટલ ખાતે મહિલાને સારવાર મળે તે પહેલા જ ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.મૃતક મહિલાના પરિવારે જણાવ્યું કે તેમને તાવ આવતા શરૂઆતમાં ઝોલાછાપ તબીબ પાસે સારવાર કરાવી હતી આ ઘટનાથી સુરતનું આરોગ્ય વિભાગ દોડતું થયું છે. એક દિવસમાં રોગચાળાથી બે મહિલાના મોત થતાં પરિસ્થિતિની ગંભીરતા સમજીને આરોગ્ય વિભાગની અલગ-અલગ ટીમોએ તાત્કાલિક અસરથી તપાસ હાથ ધરી છે. આ ટીમો રોગચાળાના ફેલાવા, સારવારની પદ્ધતિઓ અને અન્ય જરૂરી પાસાઓની ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે. રોગચાળાને નિયંત્રિત કરવા અને આ પ્રકારના બનાવો ફરી ન બને તે માટે વિભાગ દ્વારા કડક પગલાં લેવામાં આવે તેવી શક્યતા છે.

# ટેટ-૧ પરીક્ષા ૧૪ ડિસેમ્બરથી નવા નિયમો સાથે લેવાશે



અમદાવાદ,

રાજ્યની પ્રાથમિક સ્કૂલોમાં ધોરણ-૧થી ૫માં શિક્ષક બનવા માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ૧૪ ડિસેમ્બરના રોજ પરીક્ષા લેવામાં આવશે. ટેટ-૧ની પરીક્ષાને લઈને રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જાહેરનામુ બહાર પાડ્યું છે. જેમાં પરીક્ષા માટે ઉમેદવારો ૨૯ ઓક્ટોબરથી ઓનલાઈન આવેદનપત્ર ભરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ટેટ-૧ પરીક્ષા માટે બહાર પાડવામાં આવેલા જાહેરનામા અનુસાર, ઉમેદવારો માટે રજિસ્ટ્રેશન ફોર્મ ઓનલાઈન ભરવાની કાર્યવાહી ૨૯ ઓક્ટોબરથી શરૂ થશે અને ૧૨ નવેમ્બર સુધી ચાલશે. ઉમેદવારો માટે રજિસ્ટ્રેશન ફોર્મ ઓનલાઈન ભરવાની કાર્યવાહી ૨૯ ઓક્ટોબરથી શરૂ થશે અને ૧૨ નવેમ્બર સુધી ચાલશૃે ફોર્મ ભરવા સાથે નેટ બેંકિંગ મારફતે ફી સ્વિકારવાની કામગીરી પણ ૨૯ ઓક્ટોબરથી જ શરૂ કરી દેવાશે અને ૧૪ નવેમ્બર સુધી ફી ભરી શકાશે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા હાલમાં પરીક્ષાની સંભવિત તારીખ ૧૪ ડિસેમ્બર નક્કી કરી છે. ધોરણ-૧થી ૫ની પ્રાથમિક સ્કૂલોમાં શિક્ષક બનવા માટે ઉમેદવારોએ નક્કી થયેલી શૈક્ષણિક અને તાલીમી લાયકાત મેળવવી જરૂરી છે. જેમાં ઉમેદવાર ઓછામાં ઓછો ધોરણ-૧૨ પાસ અને તાલીમી લાયકાતમાં બે વર્ષ પીટીસી અથવા ચાર વર્ષનો એલિમેન્ટરી એજ્યુકેશન ડિગ્રી અથવા બે વર્ષનો ડિપ્લોમા ઈન એજ્યુકેશનનો કોર્ષ કરેલો હોવો જોઈએ. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાનારી ટેટ-૧ની પરીક્ષા બહુવિકલ્પ સ્વરૂપની અને વિવિધ હેતુલક્ષી સ્વરૂપની રહેશે. કસોટીમાં હેતુલક્ષી ૧૫૦ પ્રશ્નો રહેશે અને તેના જવાબો લખવા ૧૨૦ મિનીટનો સમય અપાશે.

પહેલાં ઉછીના પૈસા લીધા પછી ગલ્લાં તલ્લાં કરી બંધ બેંકનો ચેક આપ્યો

# બંધ ખાતાનો ચેક આપી વૃદ્ધ તબીબ સાથે ઠગાઇ, પિતા-પુત્ર સામે ફરિયાદ



અમદાવાદ,

ઠક્કરબાપાનગર વિસ્તારમાં રહેતા તબીબ પાસેથી હાથ ઉછીના પૈસા લઈ પિતા-પુત્રએ ગલ્લાં તલ્લાં કર્યા બાદ એક ચેક આપ્યો હતો. જો કે, તબીબે તે ચેક ભરતા રિર્ટન થયો હતો અને જેમાં બેંકમાં એકાઉન્ટ બંધ થઈ ગયું હોવાનો શેરો હતો. જેથી આ મામલે તબીબે પિતા-પુત્ર સામે ઠગાઈની ફરિયાદ નોંધાવી છે. ઠક્કરબાપા નગરમાં ૭૫ વર્ષિય ડો. પ્રફુલભાઈ નાનુભાઈ ઠાકર પોતાના પરિવાર સાથે રહે છે અને નિવૃત્ત જીવન ગુજારે છે. તેઓ પહેલાં ખોડિયારનગર ખાતે પોતાનું દવાખાનું ચલાવતા હતા. તે સમયે અયુબભાઈ મણીલાલ રાણા પરિવાર સાથે અવાર નવાર સારવાર માટે આવતા હતા. જેથી તબીબ તેમને સારી રીતે ઓળખતા હતા અને પારિવારીક સંબંધો બંધાયા હતા. ૨૫ ઓક્ટોબર ૨૦૨૪ના અયુબભાઈ અને તેમનો દીકરો આશિષ બન્ને પ્રફુલભાઈના ઘરે આવ્યા હતા. અયુબભાઈએ જણાવ્યું હતું કે, મારા દીકરાને દેવું થઈ ગયું છે, થોડા મહિના માટે હાથ ઉછીના ૧.૧૫ લાખ રૂપિયા આપો. અમે તે પૈસા ચાર મહિનામાં પરત કરી દઈશું. પ્રફુલભાઈ રિનોવેશનનું કામ ચાલુ હોવાથી પૈસા બેંકમાંથી ઉપાડી ઘરે લાવ્યા હતા અને તેમાંથી ૧.૧૫ લાખ રૂપિયા અયુબભાઈ અને તેના દીકરાને ૨૫ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ આપ્યા હતા. ત્યારબાદ પૈસા પરત આપવાનો સમય પૂરો થઈ જતા પ્રફુલભાઈએ પૈસા પરત માગ્યા હતા. ત્યારે પિતા-પુત્રએ ગલ્લા તલ્લ કર્યા હતા. જો કે, પ્રફુલભાઈએ પૈસાની ઉઘરાણી કરતા ૨૪ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ અયુબભાઈ અને તેમનો દીકરો આશિષ ઘરે આવ્યા હતા.

# વડોદરામાં પાણી પુરવઠાના સ્ત્રોત ખાતે સર્જાતી ખામીની દુરસ્તી કરવા રૂ.૨૦ લાખ વધુ ચૂકવાશે

વડોદરા,

વડોદરા કોર્પોરેશનના પાણી પુરવઠા શાખાના દક્ષિણ ઝોન માટે કોન્ટ્રાકટ બેઝ વાર્ષિક ઈજારાથી ઓપરેટર તથા મજુર (માનવદિન) રૂ.૭૫ લાખની નાણાંકીય મર્યાદામાં લેવાના કામે ઈજારદાર મે.વાઈટલ ફેસીલીટીઝ પ્રા.લી.ના સ્થાયી સમિતિના ઠરાવથી મંજુર થયેલા ઈજારામાં વધુ રૂ.૨૦ લાખનો વધારો કરી રૂ.૭૫ લાખ મળી કુલ રૂ.૯૫ લાખની નાણાંકીય મર્યાદા કરવાની તથા મુદત વધુ ત્રણ માસ લંબાવવાની કમિશ્નર તરફથી આવેલી ભલામણ માટેની મંજૂરી માંગી છે.નાણાંકીય મર્યાદા કરવાની તથા મુદત વધુ ત્રણ માસ લંબાવવાની કમિશ્નર તરફથી આવેલી ભલામણ માટેની મંજૂરી માંગી છે વડોદરા પાલિકાના પાણી પુરવઠા (ઈલે/મીકે) શાખાના વિતરણ મથકો/ પાણીના સ્ત્રોતો ખાતે ઈલેક્ટ્રીકલ સ્પેર્સ સપ્લાય તથા ઈલેક્ટ્રીકલ ઉપકરણોમાં સર્જાયેલ ખામીની જરૂરી દુરસ્તી કરવાના વાર્ષિક ઈજારો કરવાના કામે ઈજારદાર મે.મારૂતી ઈલેક્ટ્રીકલ્સના સ્થાયી સમિતિના ઠરાવથી મંજુર થયેલ ઈજારાની આર્થિક મર્યાદા રૂ.૬૫ લાખમાં રૂ.૨૦ લાખનો વધારો કરી કુલ રૂ.૮૫ લાખનો કરવાની કમિશ્નર તરફથી આવેલી ભલામણને મંજુરી આપવા રજૂ કરાઈ છે.

# માર મારીને ફેંકી દેવાના ગુનામાં ત્રણને આજીવન કેદની સજા

મહેસાણા,

મહેસાણામાં મિત્રના ઘરે આવેલા યુવકનું અપહરણ કરી માર મારીને રોડ પર ફેંકી દેવાના ગુનામાં ત્રણ આરોપીઓને સેશન્સ કોર્ટે આજીવન કેદની સજા અને દરેકને રૂ.૧૬ હજાર દંડનો આદેશ કર્યો હતો.મહેસાણાના ધોબીઘાટ રોડ પર ધરતી ટાઉનશિપમાં રહેતાં હંસાબેન ભુપેન્દ્રભાઈ પટેલના પુત્ર ચિરાગના જન્મદિવસ નિમિત્તે તા. ૧૭-૪-૨૦૧૯ના રોજ થરાદના રાહ ગામનો તેનો મિત્ર વિષ્ણુભાઈ હીરાભાઈ ચૌધરી તેના ઘરે આવ્યો હતો, જે સમયે હંસાબેનનો મોટો પુત્ર મૌલિક નોકરીએ ગયેલો હતો અને ચિરાગ અમદાવાદ ગયેલો હતો. આ સમયે રાત્રે પરામાંથી આવેલા લક્ષ્મણભાઈ પટેલે તેમનો પુત્ર મૌલિક ક્યાં છે એમ પૂછીને તે એક યુવતીને ભગાડી ગયો હોવાની વાત કરી હતી. ત્યારબાદ રાત્રે નવેક વાગ્યે લક્ષ્મણભાઈ સાથે અન્ય ત્રણ જણા આવ્યા હતા અને ત્યાં હાજર વિષ્ણુભાઈને પકડીને ગાડીમાં બેસાડીને અપહરણ કરી ગયા હતા. જેઓ અમારી દીકરી પાછી નહીં આવે ત્યાં સુધી તને જવા દેવાનો નથી એમ કહેતા હતા અને બલોલ ગામથી દૂર એક ખેતરમાં લઈ જઈ પાવડો અને ધોકાથી માર મારીને ઈજા પહોંચાડી હતી.અન્ય ગાડીમાં બેસાડી એક સર્કલ નજીક ઉતારી દીધો હતો. લોહીલુહાણ હાલતમાં તે પડ્યા હતા ત્યારે પહોંચેલી પોલીસે તેમને સિવિલમાં દાખલ કર્યા હતા. આ બાબતે જોટાણા તાલુકાના કસલપુરના પટેલ ગોવિંદભાઈ જીવરામભાઈ, બલોલ આનંદપુરાના પટેલ સંજયભાઈ રમણભાઈ, પટેલ સમીરભાઈ રમણભાઈ અને મહેસાણાના પટેલ લક્ષ્મણભાઈ બબલદાસ સામે મહેસાણા એ ડિવિઝન પોલીસ મથકે ગુનો નોંધાયો હતો.આ કેસમાં સરકારી વકીલ ભરતકુમાર જી. પટેલે કોર્ટ સમક્ષ ૨૨ પુરાવા રજૂ કર્યા હતા.

# મહેસાણા પાસે ફેક્ટરીમાંથી શંકાસ્પદ ઘીનો ૯૫.૫૯ લાખનો જથ્થો સીઝ

મહેસાણા, મહેસાણાના ગિલોસણ ગામની સીમમાં યુક્રેન એસ્ટેટમાં આવેલી શિવાન ફૂડ પ્રોડક્ટ નામની ફેક્ટરીમાંથી તાલુકા પોલીસે શંકાસ્પદ ઘીનો જથ્થો ઝડપી લેતાં ફૂડ વિભાગ દ્વારા ૧૮ જેટલા નમૂના લઈને રૂ.૯૫.૫૯ લાખનો જથ્થો સીઝ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.દિવાળીના પર્વમાં મીઠાઈ-ફરસાણનું વેચાણ વધતું હોય છે ત્યારે લેભાગુ તત્ત્વો વધુ નાણાં કમાઈ લેવાની લાલચમાં માવો, મીઠાઈ, ફરસાણ વગેરે ખાદ્ય સામગ્રી પણ બનાવટી કે ભેળસેળવાળી સસ્તી સામગ્રીમાંથી બનાવીને લોકોના આરોગ્ય સાથે બિન્દાસ્ત ચેડાં કરતા હોય છે ત્યારે બાતમીના આધારે બે દિવસ પહેલાં રાત્રે મહેસાણા તાલુકા પીઆઈ ડી.જી. બડવા, પીએસઆઈ આર.આર. ચૌધરી સહિત ટીમે મહેસાણા તાલુકાના ગિલોસણ ગામની સીમમાં યુક્રેન એસ્ટેટનાં ચાર ગોડાઉનમાં આવેલી પટેલ હિતેશભાઈ ગોવિંદભાઈની મે. શિવાન ફૂડ પ્રોડક્ટમાં રેડ કરી હતી. જ્યાં બનાવટી ભેળસેળિયું ઘી બનતું હોવાનું જણાતાં પોલીસે મહેસાણા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગને જાણ કરી હતી.જેના પગલે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના ઈન્ચાર્જ અને સિનિયર ફૂડ સેફ્ટી ઓફિસર જે.જે. પ્રજાપતિ સહિત ટીમે ફેક્ટરીમાંથી અમૃત, ગૌઅમૃત, રાધેક્રિષ્ણા, ગૌધરા વગેરે બ્રાન્ડનાં દેશી ઘી, પ્યોર ઘી, ગાયનું ઘી વગેરે પેકિંગ તેમજ મોટી ટેન્કમાં સંગ્રહ કરેલા લૂઝ ઘીનાં કુલ ૧૮ જેટલાં સેમ્પલ લીધાં હતાં

Printed, Published and Owned by **Raval Prakash Jagdish** and Printed at **Gujarat Garjana Offset**, B/13, Shri Sainath Ind. Estate, Nr. G.D. High School, B/h. Kubereshwar Mahadev Saijpur Bogha, Naroda Ahmedabad-382345. Published From - 703, Starline Complex, Alkapuri, Opp. Circuit House, Vadodara - 380007. Editor :- **RAVAL PRAKASH JAGDISH**